RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 20, Dt.04-04-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેર બજાર, સોનું-ચાંદી ઓલટાઇમ હાઈ



## સેન્સેક્સ ૭૪૫૦૦, નીફટી ૨૨૬૧૯ની નવી ઉંચાઈએ, શેરબજારમાં વિક્રમી તેજીઃ હેવી વેઈટ અને રોકડા શેરોમાં લાવ લાવઃ સોના-ચાંદીમાં પણ આગ ઝરતી તેજી, સોનુ ૭૨૦૦૦ અને ચાંદી ૮૧૦૦૦ને પાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં લોકસભાની ચૂંટણી પૂર્વે શેરબજાર પણ રેકોર્ડબ્રેક તેજીમાં આગળ ધપતું રહ્યું હોય તેમ આજે પસંદગીના ધોરણે ધુમ લેવાલીની અસર હેઠળ સેન્સેકસ તથા નિફટી ઓલટાઇમ હાઇ થયા હતા. સેન્સેકસે ૭૪૫૦૦ તથા નિફટીએ ૨૨૬૧૯ની નવી ઉંચી સપાટી બનાવી હતી.

શેરબજારમાં આજે ઉઘડતામાં જ તેજીનો માહોલ રહ્યો હતો. વિશ્વબજારના પોઝીટીવ ટ્રેન્ડ ભારતીય અર્થતંત્ર વિશે વર્લ્ડબેંકે વિકાસનું અનુમાન વધારતા લોકલ મ્યુચ્યુલફંડોની જોરદાર લેવાલી રીટેલ ઇન્વેસ્ટરોનું સતત વધતું રોકાણ ચૂંટણી બાદ ભારતમાં આર્થિક સુધારાનો નવો દૌર શરૂ થવા સાથે અર્થતંત્ર વધુ ઝડપથી વિકસવાના સંકેતો જેવા અનેકવિધ કારણોથી માનસ તેજીનું બની રહ્યું હતું અને મોટા ભાગના શેરો સતત ઉછળતા રહ્યા હતા.

જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે માર્કેટ પ્રિ-ઇલેકશન તેજીના દૌરમાં છે. આગામી તા.૧૯મીથી ચૂંટણીનો તબકકો શરૂ થવા સાથે તેજી વધુ વ્યાપક અને જોરદાર બને તેવી શકયતા જણાઇ રહી છે.

શેરબજારમાં આજે મોટા ભાગના શેરોમાં ઉછાળો નોંધાયો હતો. એનટીપીસી, એચડીએફસી બેંક, પાવર ગ્રીડ, હિન્દ લીવર જેવા શેરો ઉંચકાયા હતા. રીઝર્વ બેંક દ્વારા આવતીકાલે વ્યાજદર સમીક્ષાનું પરિણામ જાહેર થવાનું છે અને ચૂંટણી પૂર્વે સરપ્રાઇઝ આપશે તેવા આશાવાદથી બેંક શેરોમાં આકર્ષણ રહ્યું હતું.

બીજી તરફ સોના-ચાંદીમાં આગઝરતી અને રેકોર્ડબ્રેક તેજીનો દોર સતત આગળ ધપતો રહ્યો હોય તેમ આજે ભાવો ફરી નવી ઉંચાઇએ પહોંચ્યા હતા. સોનુ ૭૨૦૦૦ તથા ચાંદી ૮૧૦૦૦ને પાર થઇ હતી.

વિશ્વસ્તરે કેટલાક દિવસોથી સોના-ચાંદીના ભાવો સતત સળગી રહ્યા છે. જુદા જુદા દેશો વચ્ચે યુધ્ધ અને ભૌગોલિક ટેન્શન ઉપરાંત અમેરિકી ફેડરલ રીઝર્વની વ્યાજદર નીતિ કારણરૂપ ગણવામાં આવી રહી છે. આ સિવાય ભારત-ચીન સહિત દુનિયાભરના દેશોની સેન્ટ્રલ બેંકો સોનાની ધુમ ખરીદી કરી રહી હોવાથી તેજીને ટેકો મળતો રહ્યો છે.જાણકારોના કહેવા પ્રમાણે લાંબા વખતથી સોના-ચાંદીના ભાવ તેજીના નવા ઝોનમાં આવી જ ગયા છે અને આવતા દિવસોમાં હજુ વધુ ઉંચકાય તેવી શકયતા રહી છે. માત્ર ભારત જ નહીં વિશ્વસ્તરે સમાન સ્થિતિ છે. અમેરિકા ચાલુ વર્ષે ત્રણ વખત વ્યાજદર ઘટાડશે એવા સંકેતોની મોટી અસર થઇ રહી છે. આર્થિક નીતિ હળવી થવાના સંજોગોમાં સોના પ્રત્યે આકર્ષણ વધવાનું માનવામાં આવી રહ્યું છે.

# રાહુલ ગાંધી પાસે રૂા.૯.૨૪ કરોડની જંગમ સંપતિઃ ગોલ્ડ બોન્ડમાં ૧૫ લાખનું રોકાણ

## ૧૮ ફોજદારી કેસો ચાલી રહ્યા છેઃ પોસ્ટલ સેવિંગ સહિત વિમા સંબંધિત પોલીસીમાં રૂા.૬૧ લાખ જમા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ રાહુલ પાસે દિલ્હીમાં ખેતીની જમીન છે.તે ઉપરાંત ગુરૂગ્રામમાં તેની પાસે કોમર્શીયલ બિલ્ડીંગમાં ઓફીસની જગ્યા છે. જેની કિંમત કરોડોમાં છે.જોકે રાહુલ કરોડોના માલીક હોવા છતા રોકડા રૂપિયા માત્ર ૫૫ હજાર જ છે. રાહુલે ગઈકાલે કેરલનાં વાયનાડ લોકસભા સીટ પર ઉમેદવારી પત્ર ભરતી વખતે સોગંદનામામાં આ જાણકારી આપી હતી.



રાહુલે સોગંદનામામાં જણાવ્યા અનુસાર દર વર્ષે તેમની કમાણી એક કરોડથી વધુ રૂપિયા છે. નાણાકીય વર્ષ ૨૦૨૨૨૦૨૩ માં રાહુલ ગાંધીને ૧.૦૨ કરોડ રૂપિયાની આવક થઈ હતી. જયારે ૨૦૨૧-૨૨ માં ૧.૩૧ કરોડ રૂપિયાની આવક હતી.

આ રીતે ૨૦૨૦-૨૧ માં તેની કુલ આવક ૧.૨૯ કરોડ રૂપિયા હતી. આ પહેલા ૨૦૧૯-૨૦ માં તેમની આવક ૧.૨૧ કરોડ રૂપિયા હતી. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે તેમની આવક ભાડા, સાંસદ તરીકે મળતા વેતન અને રોયલ્ટીથી રાહુલની ગુરૂગ્રામ સ્થિત સીગ્નેચર ટાવર્સમાં બે ઓફીસ છે. જે તેમણે ૭.૯૩ કરોડમાં ખરીદી હતી. હાલ તેની બજાર વેલ્યુ ૯ કરોડ ૮૯ લાખ ૮૯ હજાર છે તેના નામે કુલ ૧૧.૧૫ કરોડની અચલ સંપતિ છે.

રાહુલ પાસે યંગ ઈન્ડીયનનાં ૧૯૦૦ શેર છે. જેના ૧૦૦ રૂપિયા શેરદીઠ ભાવ છે. આ ઉપરાંત ૪ કરોડ ૩૩ લાખ ૬૦ હજાર ૫૧૯ રૂપિયાનાં અન્ય કંપનીઓનાં શેર છે જેમાં બજાજ ફાયનાન્સ, લાલપેથ, લેબ એશીયન, પોઈન્ટ જેવી કંપનીના શેર છે. જયારે ૩ કરોડ, ૮૧ લાખ, ૩૩ હજાર ૫૭૨ રૂપિયાના મ્યુચ્યુઅલ ફંડ છે.

# ગત ચૂંટણીમાં હારેલી ૨૦૦ બેઠકો માટે ભાજપે કર્યુ મનોમંથન

## એકલા હાથે ૩૭૦ તથા એનડીએ સહિત ૪૦૦ બેઠકો જીતવાનો વ્યુહ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે ૩૭૦ બેઠકોના પોતાના લક્ષ્યાંક અને ગઉઅના ૪૦૦ના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે, ભાજપે એ બેઠકો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે જયાં તેને છેલ્લી ત્રણ ચૂંટણીઓમાં સફળતા મળી નથી. કુલ ૨૦૦ બેઠકો એવી છે જયાં પાર્ટીને છેલ્લી ત્રણ ચૂંટણીમાં સફળતા મળી નથી. આમાંથી ૧૬૧ બેઠકો એવી છે કે જયાં પાર્ટીની નજીકની હરીફાઈમાં હાર થઈ છે. ભાજપ અનેક સ્તરે તે બેઠકો પર કામમાં વ્યસ્ત છે. પાર્ટીને અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ અને બ્રાન્ડ મોદીને ફાયદો થવાની પણ આશા છે.

૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે ૫૦ ટકાથી વધુ મતો સાથે ૨૨૪ બેઠકો જીતી હતી. તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને કેરળ એવા રાજયો છે જયાં ભાજપ ૮૧ સીટો જીતી શકી નથી. કેરળ એકમાત્ર એવું રાજય છે જયાં ભાજપને છેલ્લી ત્રણ ચૂંટણીમાં એક પણ સીટ મળી નથી.



મધ્ય પ્રદેશ-૧ બિહાર-૧૪ આંધ્ર પ્રદેશ-૨૩ તમિલનાડુ-૩૮ પંજાબ-૧૦ તેલંગાણા-૧૩ કેરળ-૨૦ પશ્ચિમ બંગાળ-૨૪ ઉત્તર પ્રદેશ-૩ મહારાષ્ટ્ર-૨૩ કર્ણાટક-૩ સિક્કિમ-૧ મેઘાલય-૨ ઓડિશા-૧૩ પુડુચેરી-૧ મણિપુર-૧ નાગાલેન્ડ-૧ લક્ષદ્વીપ-૧ જમ્મુ-કાશ્મીર-૩ મિઝોરમ-૧, આસામ-૪

પૂર્વ સીએમ શિબુ સોરેનની પુત્રવધૂ અને જામાના ધારાસભ્ય સીતા સોરેનની પારિવારિક નારાજગીનો ફાયદો ઉઠાવ્યો. જેએમએમ છોડીને બીજેપીમાં સામેલ થયેલી સીતાને દુમકાથી ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા.

કોંગ્રેસના એકમાત્ર સિંઘભુમ સાંસદ ગીતા કોડા (ભૂતપૂર્વ મુખ્યમંત્રી મધુ કોડાની પત્ની) ની નારાજગીને મૂડી. ગીતાને ભાજપ સાથે જોડીને સિંહભૂમથી ચૂંટણી લડવાની રણનીતિ.

ચૌધરી ચરણ સિંહના પૌત્ર છઙઉ ચીફ જયંત સિંહ અને જઇજડના ઓમપ્રકાશ રાજભરના એકસાથે આવવાથી ગઉઅ પશ્ચિમ અને પૂર્વ ઉત્તર પ્રદેશની બેઠકો પર મજબૂત થઈ.

# ‘હીટ સ્ટ્રોકથી બચવા કેન્દ્ર સરકારે રાજ્યો માટે કરી એડવાઈઝરી જાહેર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હવામાન વિભાગે (IMD) આ વર્ષ માટે આકરી ગરમીની આગાહી જાહેર કરી છે. જેને લઈને કેન્દ્ર સરકાર પણ અત્યારથી એક્ટિવ મોડમાં છે. હવામાન વિભાગની ચેતવણી બાદ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ બુધવારે મોટી બેઠક યોજી. જેમાં IMD, સ્વાસ્થ્ય વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી હાજર હતા. સમીક્ષા બેઠકમાં સ્વાસ્થ્ય મંત્રાલયે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારોને એડવાઈઝરી જાહેર કરવા કહ્યું છે.

બેઠક બાદ મનસુખ માંડવિયાએ કહ્યું કે, 'IMDએ આ વર્ષ માટે અલ-નીનોની ભવિષ્યવાણી કરી છે અને તેના માટે આ વર્ષે હીટવેવની સંભાવના વધારે છે. IMDના અનુસાર આ ગરમીમાં તાપમાન સામાન્યથી વધારે રહેશે. આ વર્ષે ચૂંટણીનું વર્ષ છે અને હીટવેવને લઈને હીટ સ્ટ્રોક ન થાય તેનાથી બચવા માટે મેં IMD, સ્વાસ્થ્ય વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓ સાથે વિસ્તૃત સમીક્ષઆ કરી અને કેન્દ્ર તરફથી રાજ્યસરકારોને એડવાઈઝરી જાહેર કરવા કહેવાયું છે.'



કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, 'હીટ વેવ ક્યાંક હીટ સ્ટ્રોકનું રૂપ ન લઈ લે તેને લઈને કેટલાક દિશાનિર્દેશ જાહેર કરાયા છે. હીટ સ્ટ્રોક ગરમીના કારણે થનારી ગંભીર બીમારી છે. આ ત્યારે થાય છે જ્યારે શરીર પોતાના તાપમાનને નિયંત્રિત ન કરી શકે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, દર વર્ષે ઉનાળામાં જે તાપમાન રહે છે તેનાથી આ વર્ષે વધુ તાપમાન રહેવાનો અંદાજ છે. જેને જોતા લોકોને ખાસ સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે. આ વર્ષે તમે ચૂંટણી અભિયાનો માટે જાઓ તો તમે પાણી પીતા રહો અને સાથે પાણીની બોટલ રાખો. લોકોને વારંવાર પાણી પીવાની સાથે જ્યૂસ પણ પીવું જોઈએ. આ સિવાય લીંબુ પાણી પણ પીવું જોઈએ. ઉનાળામાં ફળ પણ ખાઈ શકો છો.'

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ફરી દિલ્હીમાંઃ કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં હાજરી આપશે

## મોવડી મંડળ સાથે રાજકોટ બેઠક અંગે ફરી ચર્ચા કરશે તેવી સંભાવના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમુદાય અંગે કરેલા વિધાનોથી સર્જાયેલા વિવાદમાં સમાધાનના તમામ પ્રયાસો નિષ્ફળ જતા હોવાના સંકેત છે અને આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ફરી એક વખત ભાજપની કેન્દ્રીય ચુંટણી ઢંઢેરા સમીતીની બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હી જઈ રહ્યા છે તે સમયે મોવડીમંડળ સાથે રાજકોટ બેઠક અંગે ફરી ચર્ચા કરશે તેવી ધારણા છે.



ગઈકાલે જ ભાજપના ક્ષત્રિય અગ્રણીઓની બનેલી ટીમે અમદાવાદના ગોતામાં ક્ષત્રિય સમાજની સંકલન સમીતીના કોરગ્રુપ સાથે બેઠક યોજી હતી. જેમાં સીનીયર નેતા અને પુર્વ કેબીનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત ભાજપના ક્ષત્રિય નેતાઓ સામેલ થયા હતા. જો કે ક્ષત્રિય સમાજે એક જ મુદાનો રૂપાલા હટાવો કાર્યક્રમ યથાવત રાખ્યો છે અને તે એજન્ડા સિવાય સમાધાનની શકયતા ફગાવી દીધી છે.

રૂપાલાની માફી મુદે એવો પ્રતિભાવ આપ્યો હતો કે તેઓ ત્રણ વખત માફી માંગે કે ત્રીસ વખત તે કોઈપણ રીતે સ્વીકાર્ય નથી અને તેથી આ સમાધાન બેઠક નિષ્ફળ ગઈ છે અને ક્ષત્રિય સમાજ હવે નિર્ણાયક લડાઈ માટે તૈયારી કરી રહ્યો છે તે સમયે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ હવે મવડીમંડળ પાસેથી માર્ગદર્શન લેશે.

ગઈકાલે ક્ષત્રિય સમુદાય સાથેની બેઠક બાદ ભુપેન્દ્રસિંહ સહિતના અગ્રણીઓ કમલમમાં ભાજપ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરને મળ્યા હતા અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ક્ષત્રિય સમુદાયે પીછેહઠ કરવાનો ઈન્કાર કર્યો છે.

માનવામાં આવે છે કે, મોડેથી રત્નાકર ઉપરાંત સી.આર.પાટીલની પણ એક બેઠક યોજાઈ હતી અને હવે મુખ્યમંત્રી દિલ્હીમાં આ અંગે છેલ્લી પરીસ્થિતિની ભાજપ મોવડીમંડળને જાણ કરશે. બીજી તરફ પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ મોવડીમંડળ રૂપાલાને ખસેડવાના પક્ષમાં નથી અને તેથી ક્ષત્રિય સમાજ સામે કઈ રીતે આગળ વધવુ તે અંગે પણ ચર્ચા કરાશે.

ગુજરાતમાં અર્ધો ડઝનથી વધુ લોકસભા બેઠકમાં ભાજપના ઉમેદવાર સામે પક્ષમાં જ વ્યક્ત થઈ રહેલા વિરોધ અને અસંતોષમાં રાજકોટ લોકસભા બેઠક પરના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજે જે રીતે બાંયો ચડાવી છે તેનાથી ભાજપને નવો પડકાર મળ્યો છે તે વચ્ચે આજે વડોદરામાં સાંજે પાટીદાર સમાજની બેઠક મળી રહી છે તે પુર્વે ચગેલી ચર્ચામાં રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલાને ભાજપ ટિકીટ રદ ન કરે તો વડોદરા શિફ્ટ કરે તેવી પણ ચર્ચા ચાલુ થઈ છે.''

# આજથી RBIની મોનેટરી પોલિસી કમિટીની બેઠકઃ રેપો રેટમાં કોઈ બદલાવની આશા નહીં, હાલમાં તે ૬.૫૦% પર યથાવત છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીની બેઠક આજથી (૩ માર્ચ) એટલે કે બુધવારથી શરૂ થશે. આ બેઠક ૫ માર્ચ સુધી ચાલશે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની આ પ્રથમ બેઠક હશે.

નિષ્ણાતોના મતે, આ બેઠકમાં RBI દ્વારા રેપો રેટ એટલે કે વ્યાજ દરમાં કોઈ બદલાવ કરવાની આશા નથી. હાલમાં રેપો રેટ ૬.૫૦% પર યથાવત છે. RBIએ ફેબ્રુઆરીમાં યોજાયેલી તેની અગાઉની બેઠકમાં વ્યાજદરમાં કોઈ વધારો ક્યો ન હતો.

મોનેટરી પોલિસીની બેઠક દર બે મહિને થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની પ્રથમ બેઠક એપ્રિલ-૨૦૨૨માં મળી હતી. ત્યારબાદ RBIએ રેપો રેટને ૪% પર સ્થિર રાખ્યો હતો, પરંતુ ૨જી અને ૩જી મેના રોજ ઈમરજન્સી મીટિંગ બોલાવીને RBIએ રેપો રેટ ૦.૪૦% વધારીને ૪.૪૦% કર્યો હતો.

રેપો રેટમાં આ બદલાવ ૨૨ મે, ૨૦૨૦ પછી થયો છે. આ પછી ૬ થી ૮ જૂન દરમિયાન યોજાયેલી બેઠકમાં રેપો રેટમાં




૦.૫૦%નો વધારો કરવામાં આવ્યો હતો. આ કારણે રેપો રેટ ૪.૪૦% થી વધીને ૪.૯૦% થયો. પછી ઓગસ્ટમાં તેમાં ૦.૫૦%નો વધારો કરીને તેને ૫.૪૦% કરવામાં આવ્યો હતો.

સપ્ટેમ્બરમાં વ્યાજ દર વધીને ૫.૯૦% થયો. ત્યારબાદ ડિસેમ્બરમાં વ્યાજ દર ૬.૨૫% પર પહોંચી ગયો. આ પછી, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે છેલ્લી મોનેટરી પોલિસીની બેઠક ફેબ્રુઆરીમાં યોજાઈ હતી, જેમાં વ્યાજ દર ૬.૨૫% થી વધારીને ૬.૫૦% કરવામાં આવ્યો હતો.

RBI પાસે રેપો રેટના રૂપમાં મોંઘવારી સામે લડવા માટે એક શક્તિશાળી ટુલ છે. જ્યારે મોંઘવારી ઘણી વધુ હોય છે, ત્યારે RBI રેપો રેટ વધારીને અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટાડવાનો પ્રયાસ કરે છે. જો રેપો રેટ ઊંચો રહેશે તો RBI તરફથી બેંકોને મળેલી લોન મોંઘી થશે. બદલામાં, બેંકો તેમના ગ્રાહકો માટે લોન મોંઘી કરશે. તેનાથી અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટશે. જો નાણાંનો પ્રવાહ ઘટશે તો માંગ ઘટશે અને મોંઘવારી ઘટશે.

એ જ રીતે, જ્યારે અર્થવ્યવસ્થા ખરાબ તબક્કામાંથી પસાર થાય છે, ત્યારે રિકવરી માટે નાણાંનો પ્રવાહ વધારવાની જરૂર પડે છે. આવી સ્થિતિમાં RBI રેપો રેટમાં ઘટાડો કરે છે. આના કારણે બેંકો માટે આરબીઆઈ તરફથી લોન સસ્તી થઈ જાય છે અને ગ્રાહકોને પણ સસ્તા દરે લોન મળે છે. આ ઉદાહરણથી સમજીએ. જ્યારે કોરોના સમયગાળા દરમિયાન આર્થિક પ્રવૃત્તિઓ ઠપ થઈ ગઈ, ત્યારે માંગમાં ઘટાડો થયો હતો. આવી સ્થિતિમાં આરબીઆઈએ વ્યાજદરમાં ઘટાડો કરીને અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ વધાર્યો હતો.

રિવર્સ રેપો રેટ એ દર છે જેના પર RBI બેંકોને રુપિયા રાખવા પર વ્યાજ આપે છે. જ્યારે આરબીઆઈને બજારમાંથી લિક્વિડિટી ઘટાડવી હોય છે ત્યારે તે રિવર્સ રેપો રેટમાં વધારો કરે છે. બેંકો આરબીઆઈ પાસે તેમના હોલ્ડિંગ માટે વ્યાજ મેળવીને તેનો લાભ લે છે. અર્થતંત્રમાં ઊંચા ફુગાવા દરમિયાન આરબીઆઈ રિવર્સ રેપો રેટમાં વધારો કરે છે. આ કારણે બેંકો પાસે ગ્રાહકોને લોન આપવા માટે ભંડોળ ઓછું થઈ જાય છે.

# ચૂંટણી પહેલાં એલપીજી અને પેટ્રોલ-ડીઝલ સસ્તા થયા પરંતુ ચાની ચુસ્કી મોંઘી બની

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પૂરું થઈ ગયું છે. ગયા વર્ષે મોંઘવારીની વાત કરીએ તો અનેક જગ્યાએ લોકોને રાહત આપવામાં આવી હતી. આ ૧૨ મહિનામાં ખાદ્યપદાર્થોની મોંઘવારીએ લોકોની મુશ્કેલી વધારી દીધી છે, તો પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં વધારો થતા લોકોની મુશ્કેલીમાં ઓછી કરી છે. આ દરમિયાન કેટલીક વસ્તુઓ મોંઘી થઈ છે અને કેટલીક વસ્તુના ભાવમાં ઘટાડો થયો છે. વિગતવાર જાણીએ કે સવારની ચાથી લઈને સાંજના ભોજન સુધીની તમારી દિનચર્યા પર ગયા વર્ષની મોંઘવારી અને ભાવ ઘટાડોની કેવી અસર પડી છે.

ભારતમાં મોટાભાગના લોકો તેમના દિવસની શરૂઆત સવારની ચા થી કરે છે. અને ચા બનાવવા માટે મુખ્ય બે વસ્તુની ફાળો છે તે દૂધ અને ખાંડ છે. છેલ્લા નાણાકીય વર્ષમાં દૂધ અને ખાંડ બંનેના ભાવમાં વધારો થયો છે અને જેમા રુપિયા ૩-૩નો ભાવ વધારો થયો હતો. જ્યારે ૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ દૂધની કિંમત ૫૬ રૂપિયા પ્રતિ લીટર હતી, તે હવે ૩ રૂપિયા વધીને ૫૯ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે. આ જ રીતે ખાંડના ભાવમાં પણ ૩ રુપિયા વધતા ૪૧ રુપિયા પ્રતિ કિલોથી વધીને ૪૪ રુપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.



જો ગયા વર્ષે એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો થયો હોત તો ચા બનાવવી પણ વધુ મોંઘી બનત. પરંતુ ગયા નાણાકીય વર્ષમાં કોમર્શિયલ અને ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરના ભાવમાં થયેલા ઘટાડાને કારણે લોકોને ફાયદો મળ્યો છે. ઘરેલું ગેસ સિલિન્ડર પણ છેલ્લા ૧૨ મહિનામાં ૩૦૦ રૂપિયા સસ્તો થયો છે. જ્યારે ૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત ૧૧૦૩ રુપિયા હતી, ત્યારે ૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૮૦૩ રુપિયા થઈ ગઈ છે. આ રીતે ૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૨,૦૨૮ રુપિયા હતી, જ્યારે ૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ દેશની રાજધાનીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૯૫ રુપિયા થઈ ગઈ છે. એટલે કે એક વર્ષમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૩૩ રુપિયાનો ઘટાડો થયો છે.

ચા-નાસ્તો કર્યા પછી ઓફિસ કે કામકાજ અર્થે બહાર જવાનું તો દરેકને બને છે. તેના માટે મોટાભાગના લોકો કારનો ઉપયોગ કરતા હોય છે. પેટ્રોલ અને ડીઝલની મોંઘવારીની વાત કરીએ તો લોકોને છેલ્લા વર્ષે મામૂલી રાહત મળી છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી ૨૦૨૨માં પેટ્રોલ અને ડીઝલની મોંઘવારીએ લોકોને ખૂબ પરેશાન કર્યા હતા. પરંતુ ત્યારબાદ મે ૨૦૨૨માં સરકારે એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરીને લોકોને તેમના મોંઘા ભાવથી રાહત આપવાની કોશિશ કરી હતી. તે પછી પેટ્રોલ અને ડીઝલની કિંમતો લાંબા સમય સુધી સ્થિર રહ્યા હતા. પરંતુ છેલ્લા નાણાકીય વર્ષની વિદાય પહેલા ફરી એક્વાર લોકોને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થોડી રાહત મળી છે. જ્યારે ૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ દિલ્હીમાં એક લીટર પેટ્રોલની કિંમત ૯૬ રુપિયા હતો, ત્યારે દેશની રાજધાનીમાં ૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ પેટ્રોલનો ભાવ ૯૪ રુપિયા પ્રતિ લીટર હતો. ૧૫ માર્ચે પેટ્રોલિયમ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં પ્રતિ લીટર ૨ રૂપિયા અને ડીઝલની કિંમતમાં ૨ રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો કર્યો હતો. આ પછી દિલ્હીમાં ડીઝલની કિંમત વધીને ૮૭ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે જ્યારે ૧ એપ્રિલ ૨૦૨૩ના રોજ ડીઝલ ૮૯ રુપિયા પ્રતિ લીટરના ભાવે મળી રહ્યું હતું.

ઘરમાં રસોઈ બનાવતી ગૃહિણીનું બજેટ ખોરવાઈ ગયું. છેલ્લા વર્ષમાં મોંઘવારીએ જમવા જતા ખિસ્સા પર થોડું ભાર પડ્યો છે. ૨૦૨૩-૨૪નું વર્ષ ખાદ્ય મોંઘવારી વધવાનું વર્ષ તરીકે સાબિત થયું છે. આ સમયગાળા દરમિયાન શાકભાજીના ભાવોએ પણ રેકોર્ડ તોડવામાં કોઈ કસર છોડી નથી. એ જ પ્રમાણે દાળ અને ચોખાના ભાવોમાં પણ મોંઘવારી પણ લોકોના ખિસ્સા ખાલી કરી નાખ્યા. ૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ તુવેર દાળની કિંમત ૧૧૫ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી.


# મોરબી રફાળેશ્વર નજીક હાઈવે ઉપર આવેલ સીટ કવર બનાવતી ફેક્ટરીમાં લાગી ભીષણ આગ

## ભીષણ આગના કારણે બાજુની ફેક્ટરીમાં પણ આગ પ્રસરીઃ સદ્નસીબે કોઈ જાનહાની નહીંઃ મોરબી સીરામીક અગ્રણીઓ ઘટના સ્થળે દોડી ગયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળેશ્વર નજીક હાઈવે પર આવેલી એક ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. ત્યારે આગ લાગવાના બનાવની મોરબી ફાયર વિભાગને જાણ કરાતા તાત્કાલિક ફાયર બ્રિગેડ ટીમ ઘટના સ્થળે પહોંચી ગયી હતી. ત્યારે ફેક્ટરીમાં લાગેલી આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લઇ થોડીવારમાં બાજુમાં આવેલી ફેક્ટરીમાં પણ આગ પ્રસરી જતા આગને કાબૂમાં લેવા મોરબી, વાંકાનેર ઉપરાંત રાજકોટથી ફાયર બ્રિગડની મદદ લેવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર રફાળેશ્વર ગામ નજીક સરોવર પોર્ટિકો હોટેલની બાજુમાં આવેલી સીટ કવર બનાવતી વિનાયક નામની કંપનીમાં કોઈ કારણોસર અચાનક આગ લાગી હતી. આગે થોડી જ વારમાં ભીષણ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની જ્વાળા અને ધુમાડા



દૂરથી દેખાય રહ્યા હતા. આગ લાગવાની જાણ મોરબી ફાયર બ્રિગેડ વિભાગને કરાતા તાત્કાલિક ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતા. ત્યારે આગ એટલી વિકરાળ હતી કે બાજુમાં આવેલી અન્ય એક સીટ કવર બનાવતી પવનપુત્ર નામની કંપનીમાં પણ આગ પ્રસરી ગયી હતી.

વધુમાં વિનાયક સીટ બનાવતી ફેક્ટરીમાં ક્યાં કારણોસર આગ લાગી હતી તે કારણ હજુ અકબંધ છે પરંતુ આગની ઘટનામાં મોટા પ્રમાણમાં નુકશાનની આશંકા સેવાઈ રહી છે. જોકે સદનસીબે કોઈ જાન હાની થઈ નથી. જયારે આગ લાગવાની ઘટનાની જાણ થતા મોરબી સીરામીક ઉદ્યોગકારો ઘટના સ્થળે પહોંચ્યા હતા.અને ઘટના બાબતે આજુબાજુથી પાણીની વ્યવસ્થા કરી આપવા મદદરૂપ થયા હતા ત્યારે સીરામીક અગ્રણી નિલેશભાઈ જેતપરીયા દ્વારા જણાવ્યું હતું કે સિરામિક ઝોનમાં આગની ઘટનાઓના પગલે ઝડપથી આગ ઉપર કાબુ મેળવવા સીરામીક ઝોન માટે અલગ આધુનિક સુવિધા સાથેનું ફાયર સ્ટેશન બનાવવામાં આવે તેવી માંગ કરી હતી.

# ભાયાવદરમાં કુવા તથા ફિલ્ટરનું અધૂરું કામ પુરુ કરવામાં નહી આવે તો ઉગ્ર અંદોલન

## ભાયાવદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નયન જીવાણી મુખ્યમંત્રીને પત્ર લખ્યો







**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

**ભાયાવદરઃ** ભાયાવદર શહેરની આશરે ૨૫૦૦૦ ની વસ્તીને ફિલ્ટર વાળુ શુધ્ધ પાણી મળી રહે અને શહેરની જનતાનું જન આરોગ્ય સુખા કારી રહે તે માટે વર્ષ ૨૦૧૯ થી નગરપાલિકા ભાયાવદરની ચૂંટાયેલી બોડીએ નગરપાલિકાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી સરકાર પાસે વધારાની ગ્રાન્ટ્ મંજુર કરાવી આશરે રૂ.૧૫૦/- લાખ જેવી માતાબર રકમ સરકાર એ શહેરની જનતા માટે મંજુર કરી આપેલ છે ત્યારે ભાયાવદર નગરપાલિકા દ્વારા આ કામનો વર્ક ઓર્ડર તા:- ૧૦/૦૬/૨૦૨૦ નાં રોજ મારૂતી એન્ટર પ્રાઈઝ રાજકોટને આપેલ છે આ ટેન્ડરમાં મુખ્ય બે પ્રકારનાં કામ છે તેમાં એક ફિલ્ટર પ્લાન્ટ બનાવવાનું તેમજ પડી ગયેલ કુવામાંથી માટી કાઢીને નવો આર.સી.સી. ની પાકો કુવો બનાવવી તેમાં એક ફિલ્ટરનું કામ પૂર્ણ કરી એજન્સી દ્વારા યોગ્ય મેન્ટેનન્સ કરવામાં ન આવેલ હોવાના કારણે હાલ ફિલ્ટર પ્લાન્ટ માં હાલ પાણી યોગ્ય રીતે ફિલ્ટર થઈ શકતું નથી હાલ નગરપાલિકામ વહીવટદાર શાશન હોવાના કારણે અજેન્સી અને અધિકારીશ્રીઓને સારા સંબંધ હોવાના કારણે એજન્સી ઉપર નિયમોનુશાર કાર્યવાહી ન કરવાના કારણે હાલ ભાયાવદર શહેરની જનતાને અસુધ પાણી પીવા મજબુર બનેલ છે ચાલુ શાલ મોજ ડેમમાં પાણીની સપાટી ઓછી હોવાના કારણે કુવાનું કામ થઈ શકે તેમ છે અગાઉ પણ આ કુવાનું કામ થઈ શકે તેવી સ્થિતિ હતી પરંતુ નગરપાલિકાના અધિકારીઓ સાથે આ એજન્સીને સારા સબંધ હોઈ જેથી આ કામ કરેલ નથી અને આ અધિકારીઓ પાસેથી એડવાન્સમાં ૫૦ લાખ જેવી માતબર રકમ પણ નગરપાલિકા ભાયાવદર પાસેથી લઈ લીધેલ હોઈ હાલ આ એજન્સી કુવાનું કામ કરવા ગલા તલા મારતી હોઈ તેના આ કુવાનું કામ ન કરવું હોઈ તેથી બાહાના બતાવીને ટલે ચળાવવાનું કામ કરે છે જેના પાપે ભાયાવદર શહેરની જનતાને અસુધ પાણી પીવા મુજબુર બનેલ છે. સરકાર તથા નગરપાલિકાના ચુંટાયેલ પ્રતિનિધિઓ દ્વારા ભાયાવદર શહેરની જનતાને વર્ષો થી પળતર અને ખરાબ પાણી પિતા હતા તે પાણી ડબલ ફિલ્ટર કુદરતી રીતે કુવામાં ફિલ્ટર થયેલું પાણી પાછુ ફિલ્ટર થઈ શહેરની જનતાને મળે તેવા ઉમદા હેતુ થી સરકારશ્રી માંથી કરોડો રૂપિયાની વધારાની ગ્રાન્ટ્ મંજુર કરાવી આ એજન્સીને કામ આપવામાં આવેલ છે પરંતુ આ એજન્સીને ભાયાવદર શહેરનાં અમુક સારા સંબંધ હોઈ જેના લીધે આ કામ બાબતે ભાયાવદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નયન જે જીવાણી એ રાજ્યના મુખ્ય મંત્રીશ્રી પાણી પુરવઠા મંત્રીશ્રી તેમજ લગતા વળગતા અધિકારીશ્રીઓને પત્ર લખી જાણ કરેલ છે. ભાયાવદર શહેરમાં આ એજન્સી દ્વારા વર્ષો થી ઘણા કામો કરવામાં આવેલ છે જેમાં રોડ રસ્તા સ્મશાન સહી તેમજ અનેક બિલ્ડીંગો આ એજન્સી દ્વારા બનાવવામાં આવેલ છે તેમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે. જેના કારણે ભાયાવદર શહેરનાં મુખ્ય રસ્તાઓ અત્યંત બિસ્માર હોઈ ગેસની ભઠ્ઠી બંધ હોઈ જેના કારણે શહેરની જનતાને ખુબજ હાલાકી ભોગવવી પડે છે સાથે આ ફિલ્ટરનું કામ પણ આ એજન્સી પાસે હોવાના કારણે શહેરની જનતાને અસુધ પાણી પીવાનું થાય છે જેથી જો ટુંક સમયમાં આ કુવાનું કામ પૂર્ણ કરવામાં નહી આવે તો ભાયાવદર શહેરની જનતાને સાથે રાખી ઉગ્ર અંદોલન કરવાની ફરજ પડશે ( લોક સભાની ચુંટણીના કારણે આચાર સંહિતા હોઈ) તો પણ આ ચાલુ કામ છે જેને આચાર સહિતા નિયમોનુંશાર નળતી નથી આ બાબતે લગતા વળગતા અધિકારીઓ અને માન.મુખ્ય મંત્રીશ્રીને આ એજન્સીના કામોની તપાસ કરીને શહેરની જનતાનાં આરોગ્યની સુખા કારી માટે તાત્કાલિક કુવાનું તથા ફિલ્ટરનું કામ પૂર્ણ કરવામાં આવે નહિતર ઉગ્ર અંદોલન થાશે તેની એજન્સી તથા લાગતા વળગતા અધિકારીઓ નોંધ લે. તેવી ચીમકી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નયન જે જીવાણી દ્વારા આપવામાં આવેલ છે.

# જામનગરમાં વકિલ હત્યા કેસના છ આરોપી જેલહવાલે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડીમાં એડવોકેટની હત્યામાં ૧૫ શખસો સામે નોંધાયેલી ફરિયાદમાં પોલીસે બે સગીર સહિત ૮ શખસોને ઝડપી લીધા બાદ ૬ શખસોને ૭-૭ દિવસના રીમાન્ડ પર લીધા હતાં. જેમાં આજે બે શખસોના રીમાન્ડ પુરા થતાં તમામને જેલ હવાલે કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય શખસોની શોધખોળ કરવામાં આવી રહી છે.બેડી વિસ્તારમાં એડવોકેટ હારૂન પલેજાની ગત તા.૧૩ માર્ચના રોજ સરાજાહેર થયેલી ઘાતકી હત્યામાં પોલીસે ૧૫ શખસો સામે ગુનો નોંધ્યો હતો. આરોપીઓ પલાયન થઈ જતાં એસપી પ્રેમસુખ ડેલુ દ્વારા હત્યારાઓને પકડવા માટે ખાસ સીટની રચના કરવામાં આવી હતી.

જેમાં એલસીબી, સીટી બી ડિવિઝન પોલીસે બસીર સાયચા, ઈમરાન સાયચા, સિકંદર સાયચા, રમઝાન સાયચા, દિલાવર કકલ, સુલેમાન કક્કલ અને બે સગીરો મળીને ૮ શખસોની ધરપકડ કરી હતી. જેમાં બે સગીરોને બાળ સુધાર ગૃહમાં મોકલીને ૬ શખસોને એક પછી એકને રીમાન્ડ પર લઈને હત્યામાં વપરાયેલા હથિયારો, મોબાઈલ, લોહીવાળા કપડા કબ્જે કર્યા હતાં.જેમ-જેમ રીમાન્ડ પુરા થતા ગયા તેમ-તેમ આરોપીઓને કોર્ટમાં રજુ કરીને જેલ હવાલે કરાયા હતાં. આજે બે શખસોના રીમાન્ડ પુરા થતાં તમામ આરોપીઓ જેલ હવાલે થયા છે. જ્યારે અન્ય નાશી છુટેલા ૭ શખસોની પોલીસે શોધખોળ આરંભી છે.

# હળવદ ગ્રામ્ય પંથકના સંવેદનશીલ મતદાન મથકની મુલાકાત લેતા વાંકાનેર વિભાગ ડીવાયએસપી સારડા

**મુખ્ય સમાચાર, મોરબી**

લોકસભા ચૂંટણી -૨૦૨૪ અન્વયે હળવદ તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના સંવેદનશીલ મતદાન મથકોએ હળવદ પ્રાંત અધિકારી, હળવદ પોલીસ મથકના પીઆઈ તથા વાંકાનેર વિભાગના ડીવાયએસપી દ્વારા સંયુક્તમાં રૂબરૂ મુલાકાત લઇ પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.

હળવદ શહેરી વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારમાં વાંકાનેર વિભાગના ડીવાયએસપી સમીર સારડાના માર્ગદર્શન હેઠળ તથા તેમની સાથે





હળવદ પ્રાંત અધિકારી આચાર્ય તેમજ હળવદ પીઆઈ આર.ટી.વ્યાસ દ્વારા સ્ટાફ સહીત સંયુક્તમાં સંવેદનશીલ મથકોની મુલાકાત કરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની રૂબરૂ સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારે દરેક બૂથ ઉપર સરપંચ, ગ્રામજનો, ગામના આગેવાનો, બીએલઓ તથા મતદાન મથકોમાં સોંપાયેલ શાળાના સંચાલકો હાજર રહ્યા હતા. ત્યારે વાંકાનેર વિભાગના ડીવાયએસપી સમીર સારડા દ્વારા આમ પ્રજાજનોમાં સામયેક નાગરિકે મતદાન કરવું જોઈએ તેમજ વધુમાં વધુ મતદાન થાય તે માટે જાગૃતિ લાવવા તમામ મતદારોને અપીલ કરવામાં આવી હતી.

# મોરબી જિલ્લા પંચાયત વેરો વસુલાત કરવામાં રાજ્યમાં પ્રથમ નંબરે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લા પંચાયત વેરો વસુલાત કરવામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંકે આવ્યું છે. મોરબી જિલ્લાનાં ૫ તાલુકાની કુલ ૩૬૩ ગ્રામ પંચાયતનું કુલ ૨૩.૫૭ કરોડનું માંગણું હતું. જાન્યુઆરી-૨૪ અંતિત વસુલાત ૩૭ ટકા હતી જે ઘણી ઓછી હોવાના કારણે મોરબી જિલ્લા પંચાયત દ્વારા વસુલાત વધુમા વધુ થાય તે માટે ટીમની રચના કરવામાં આવી હતી. જેના કારણે માર્ચ-૨૦૨૪ અંત સુધીમાં કુલ ૧૨.૬૪ કરોડની વસુલાત કરવામાં આવી છે. જેની ટકાવારી ૫૩.૬૪ ટકા થાય છે જે ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમાંકે આવે છે.



મોરબી જિલ્લા પંચાયત દ્વારા વેરો વસુલાત કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ ટીમો બનાવી વેરો વસુલવામાં આવ્યો હતો. હળવદ તાલુકામાં ૧૦૦ ટકા વસુલાત વાળા હળવદ ગામો ૧૩, મોરબી માં ૮, વાંકાનેરમાં ૪, ટંકારામાં ૪, માળિયા માં ૧ મળી કુલ-૩૦ ગ્રામ પંચાયતોમાં ૧૦૦ ટકા વેરા વસુલાત થઈ છે. તેમજ ૮૦ ટકાથી વધુ વસુલાત વાળા ગામોમાં હળવદ માં ૩૭, મોરબીમાં ૨૨ માળિયામાં ૫, ટંકારામાં ૭, વાંકાનેરમાં ૧૮ મળી કુલ ગામો ૮૯ તેમજ ૫૦ ટકાથી વધુ વસુલાત વાળા ગામોમાં હળવદ માં ૨૭, માળિયામાં ૩૫, મોરબીમાં ૬૮, ટંકારામાં ૨૮ , વાંકાનેરમાં ૫૨ મળી કુલ ગામો ૨૧૦ ગામોનો સમાવેશ થાય છે. જેમાં વેરા વસુલાતનાં કારણે ૮૦ ટકાથી વધુ વસુલાતની ગ્રામ પંચાયતોને કુલ ૧.૨૩ કરોડની ગ્રાંટ મળશે. તેમજ મોરબી જિલ્લા પંચાયતના તલાટી મંત્રીઓની કાબિલે દાદ કામગીરીને કારણે વેરા વસૂલાતમાં મોરબી જિલ્લો સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબરે આવ્યો છે.

# મોરબીની શાળાઓમાં ડો.કશ્યપ પટેલ દ્વારા વિજ્ઞાનની ૫૦૦૦ પુસ્તિકા અર્પણ કરાઈ

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબીઃ** લોકો આજે શિક્ષણ માટે કંઈકને કંઈક પ્રવૃત્તિઓ, દાનની પ્રવૃત્તિ કરતા હોય છે. વિદ્યાર્થીઓ માટે ઉપયોગી વસ્તુઓનું દાન કરતા હોય છે. એવી જ રીતે મોરબીના જેતપર ગામના વતની શિક્ષક રામજીભાઈ જાકાસણીયા નિવૃત થયા પછી પ્રવૃત્ત રહી વિજ્ઞાનના પ્રયોગો કરાવે છે. તેઓ શાળામાં પોતાની વિજ્ઞાનની સ્વનિર્મિત કીટ લઈને જાય છે, ધો.૬ થી ૮ વિદ્યાર્થીઓને નવિજ્ઞાનના પ્રયોગો કરાવી પ્રેક્ટિકલ જ્ઞાન આપે છે. સિત્તેર વર્ષની ઉંમરે પણ તેઓ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લે છે. અને તેઓ એમની યૂટ્યૂબ ચેનલ રામજીદાદાની નિશાળ ચલાવે છે અને એના દરરોજ જુદા જુદા વિજ્ઞાનના પ્રયોગો બાળકો માટે મૂકે છે. તેમની આ પ્રવૃત્તિથી પ્રેરાઈને અમદાવાદના ડો.કશ્યપ પટેલે મોરબીની જુદી જુદી શાળાઓમાં શોધ






વિજ્ઞાન પ્રયોગોની પુસ્તિકા ભાગ-૧ થી ૩ ૫૦૦૦ નંગ અને ૫૦ વિજ્ઞાનની કિટ અર્પણ કરેલ છે.

પુસ્તિકામાં ધો.૪ થી ૯ ના વિદ્યાર્થીઓ વાંચીને ઘરગથ્થુ ઉપયોગમાં લેવાતી વસ્તુઓ દ્વારા વિજ્ઞાનના સિદ્ધાંતો આધારિત કુદતી બાટલી,ફૂંક મારવાથી જ્યોત બુઝાતી નથી, આળસુ ચુંબક,ઝૂલતું પ્રવાહી, સાબુનો પરપોટો,ગલનબિંદુ વગેરે પ્રવૃત્તિઓ દબાણ, બળ,ઘર્ષણ, ગતિ અને શકિત ઉપર આધારિત ૯૬ જેટલા પ્રયોગોની સચિત્ર સમજ આપેલ છે,વિદ્યાર્થીઓ માટે ૫૦૦૦ પુસ્તિકા અને ૫૦ વિજ્ઞાન કિટ આપવા બદલ ડો.કશ્યપ પટેલ અને રામજીભાઈ જાકાસણીયાનો તમામ શાળાઓ અને વિદ્યાર્થીઓ વતી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે આભાર પ્રકટ કરેલ હતો.

# જામનગરમાં જયોતિરાવ ફુલેની પ્રતિમા મુકવા માંગણી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં જુના રેલવે સ્ટેશન સામે ચોકમાં સમાજ સુધારક જયોતિરાવ ફૂલેની પ્રતિમા મુકવા એડવોકેટ ગૌતમ ગોહિલે માંગણી કરી છે. વીસેક વર્ષ અગાઉ મનપામાં ઠરાવ પણ કરાયો હતો પણ ત્યારપછી કોઈ કાર્યવાહી થઈ નથી. આગામી તા. ૧૧ એપ્રિલે જયોતિરાવ ફૂલેના જન્મદિને કોઈ જાહેરાત કે નક્કર કાર્યવાહી કરવા રજુઆત કરવામાં આવી છે.



આ ઉપરાંત રાજ્યમાં અનેક જિલ્લામાં એસસી-એસટી સેલના ડીવાયએસપીની જગ્યા ખાલી છે, અને ઈન્ચાર્જથી કામ ચલાવાય છે. જેથી અનુજાતિ-જનજાતિના અરજદારોને મુશ્કેલી પડે છે. આ સેલની ઓફિસો ધણી ધોરી વગરની હોય તેવી સ્થિતિ છે. આ તમામ જગ્યાઓ ભરવા તેમણે માંગણી કરી છે. જામનગરના ડો. આંબેડકર હોલ જર્જરીત થઈ ગયો હોય, તેનું તાકીદે રીનોવેશન કરાવવા પણ તેમણે રજુઆત કરી છે. દીવાલ તથા દરવાજાની ઉપરથી ઠેકીને અસામાજિક તત્ત્વો આ હોલને દુરૂપયોગ કરે છે. પીવાના પાણીની સુવિધા નથી. પંખા બગડી ગયા છે. બાલ્કનીમાં સરકારી ફાઈલો ખડકી દરવાજા બંધ કરી દેવાયા છે.

# જામનગરમાં કોંગ્રેસના અનેક હોદેદારોએ કેસરિયો ધારણ કર્યો







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લોકસભા ચૂંટણી પૂર્વે આમ આદમી પાર્ટી સહીત કોંગ્રેસમાં મહત્વના ગણાતા હોદેદારો એ પક્ષ સાથે છેડો ફાડી કેશરિયો ખેસ ધારણ કર્યો.દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જી જયારે ભારત માટે ૨૦૪૭ સુધીની રૂપરેખા તૈયાર કરી દેશ ને વિશ્વસ્તરે સર્વોચ્ચ સ્થાને લઇ જવા તત્પર બન્યા છે, અને ૨૦૧૪ માં અલ્પવિક્સિત ગણાતું ભારત આજે વિશ્વગુરુ બન્યું છે ત્યારે તેઓ ના નેતૃત્વ માં દેશમાં લોકશભા ચૂંટણી યોજાવાની છે, અને ત્રીજી વખત તેઓ પ્રચંડ જનમત થી પૂર્ણ બહુતીની સરકાર બનાવશે એ નિશ્ચિત છે ત્યારે પક્ષ ના કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ છે, સાથે સાથે વિપક્ષી દળના હોદેદારો, નેતાઓ પણ ભારતીય જનતા પાર્ટી માં જોડાઈ રહ્યા છે. આ તબ્બકે આમ આદમી પાર્ટી તથા કોંગ્રેસ ના હોદેદારોએ પક્ષ સાથે છેડો ફાડી ભારતીય જનતા પાર્ટી માં વિધિવત રીતે જોડાયા. આ તબ્બકે જામનગર - દેવભૂમિ દ્વારકા ના સાંસદ પૂનમબેન માડમ, શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, જિલ્લા અધ્યક્ષ રમેશભાઈ મૂંગરા દ્વારા સૌ કોઈ ને ભાજપ નો ખેસ પહેરાવી આવકારવામાં આવેલ.

મુખ્યતઃ કરશનભાઈ કરમુર, શહેર પ્રમુખ, આમ આદમી પાર્ટી જામનગર, પૂર્વ સ્ટે. ચેરમેન, પૂર્વ ડે.મેયર, તથા ભાજપના પાંચ ટર્મ કોર્પોરેટર, આહીર સમાજના પૂર્વ પ્રમુખ, ગત વિધાનસભાની ચૂંટણીમાં ''આપ''ના ઉમેદવાર, આશિષભાઈ કંટારીયા, શહેર મહામંત્રી આમ આદમી પાર્ટી જામનગર, પૂર્વ શહેર મંત્રી, પૂર્વ શહેર ભાજપ ઉપપ્રમુખ અને મીડિયા સેલના કનવિનીયર, આશિષભાઈ સોજીત્રા શહેર ઉપપ્રમુખ આપ પાર્ટી જામનગર, અશ્વિનભાઈ પ્રજાપતિ શહેર ઉપપ્રમુખ આપ પાર્ટી જામનગર, મયુરભાઈ ઘેડીયા લીગલ સેલ પ્રમુખ, રેખાબેન પંડ્યા પૂર્વ મંત્રી પ્રદેશ કોંગ્રેસ મહિલા મોરચો, શિતલબેન વાઘેલા પૂર્વ દંડક તથા પૂર્વ કોર્પોરેટર, ભાઈલાલભાઈ પરમાર નિવૃત્ત પી.એસ.આઈ, બાબુલાલભાઈ પરમાર નિવૃત્ત એ.એસ.આઈ, અરશીભાઈ વાઘ નિવૃત્ત પી.એસ.આઈ, ભગવાનજીભાઈ ભેસદડીયા નિવૃત્ત શિક્ષક, ડો.કમલાબેન ગર્જ્જર કોંગ્રેસ પ્રમુખ મહિલા તથા રાજસ્થાન મહાસભાના પ્રભારી, હરપાલસિંહ ગોહિલ શહેર યુવા પ્રમુખ, સુભાષ ગુજરાતી ૭૮, વિધાનસભા ઓ બિ સી પ્રમુખ, ઉપરાંત સૂર્યવંશી ટ્રસ્ટના સભ્યો, સહિત અન્ય પક્ષ ના ૫૦૦ થી વધુ કાર્યકર્તા, નેતા, હોદેદારો એ કેસરીયો અપનાવ્યો.શહેર અધ્યક્ષ ડો વિમલભાઈ કગથરા, સાંસદ પૂનમબેન માડમ, મહામંત્રી પ્રકાશભાઈ બાંભણીયા, મહામંત્રી વિજયસિંહ જેઠવા,મહામંત્રી મેરામણભાઈ ભાટુ, ૭૯ વિધાનસભા ના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ૭૮ વિધાનસભા ના ધારાસભ્ય રિવાબા જાડેજા, મેયર વિનોદભાઈ ખીમસુરિયા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન નિલેશભાઈ કગથરા, સાસક પક્ષ નેતા આશિષ જોશી, દંડક કેતનભાઈ નાખવા સહિત પૂર્વ ધારાસભ્ય, તથા પાર્ટી જોડો અભિયાન ના ઇન્ચાર્જ લાલજીભાઈ સોલંકી. પૂર્વ અધ્યક્ષ હસમુખભાઈ હિંડોચા. પૂર્વ મેયર અમીબેન પરીખ સહિત પ્રભારી સુરેશ વસરા, ૭૮ વિધાનસભા ઇન્ચાર્જ ધર્મરાજ સિંહ જાડેજા સહિત મોરચાના અધ્યક્ષ, પદાધિકારીઓ, કોર્પોરેટરઓ, કાર્યકર્તાઓ દ્વારા સૌ કઈ ને આવકારવામાં આવેલ.

# લાલપુર ખાતે ચૂંટણીલક્ષી કામગીરી માટે મહિલા પોલીંગ ઓફીસરનો તાલીમ વર્ગ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુર પ્રાંત અધિકારી અસવારે તાલીમમાં ઉપસ્થિત અધિકારીઓને ચૂંટણીલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું.જામનગર, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જામનગર સંસદીય મતવિભાગમાં આગામી તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે.લોકસભા સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે થનારી મતદાનની કામગીરી સુનિશ્ચિત રીતે થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાનાં માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારીઓને તેમની ફરજના ભાગરૂપે તબક્કાવાર તાલીમો આપવામાં આવી રહી છે.જેના ભાગરૂપે જામનગર સંસદીય મતવિભાગમાં સમાવિષ્ટ ૮૦-





જામજોધપુર મતદાર વિભાગમાં ચૂંટણી સાથે સંકળાયેલા મહિલા પોલીંગ ઓફીસરઓને એ.આર.ઓ. અને પ્રાંત અધિકારી અસવારની રાહબરી હેઠળ સ્વામી વિવેકાનંદ શૈક્ષણિક સંકુલ લાલપુર ખાતે ચૂંટણીલક્ષી તાલીમ આપવામાં આવી હતી અને ચૂંટણીને લગતી ઝીણવટભરી બાબતોથી માહિતગાર કરાયાં હતા.આ તાલીમવર્ગમાં માસ્ટર ટ્રેનર્સ દ્વારા પ્રિ-પોલ, પોલ-ડે અને આફ્ટર પોલ સહિતની તબક્કાવાર તમામ પ્રકારની કામગીરી અંગે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ મહિલા પોલિંગ ઓફિસરની કામગીરી બાબતે ચોકસાઇ અને સચોટતાની સાથે મતદાનની કામગીરી સરળ બની રહે તે માટે મતદાન મથકના ફરજ પરના અધિકારીઓ-કર્મચારીઓ માટે જુદા જુદા વૈધાનિક ફોર્મની વિગતો ભરવા, રજીસ્ટરમાં તેની નોંધણી, મતદાન પ્રક્રિયા વગેરે જેવી તમામ બાબતો અંગે તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને જિલ્લાનો તમામ ચૂંટણી સ્ટાફ સગવડતા અને સરળતાથી ચૂંટણીની કામગીરીમાંથી પસાર થાય તેવા વાતાવરણનું નિર્માણ કરી બનતી તમામ સવલતો પૂરી પાડવા કટીબદ્ધતા દર્શાવી હતી.

# વાંકાનેરમાં લચ્છીની લારી આગળ કાર ઉભી રાખવા બાબતે યુવાન ઉપર ચાર શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર શહેરના પુલ દરવાજા ચોક પાસે અર્ટિગા કાર લઇ મહેમાનને તેડવા આવેલ યુવકે ચોકમાં લચ્છીની લારી નજીક કાર લઈને ઉભેલ હોય જે બાબતે કાર અડચણરૂપ થાય છે કાર દૂર લઈને ઉભો રહે તેમ કહી યુવકને ઢીકાપાટુ તથા લાકડાના ધોકાથી લચ્છીની લારીવાળા સહીત ચાર શખ્સોએ હુમલો કરી યુવકને મૂંઢ માર માર્યાની વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર ગઈકાલ તા.૩ એપ્રિલના રોજ સવારે ૯ વાગ્યાના અરસામાં વાંકાનેરના આરોગ્યનગર શેરી નં.૫ માં રહેતા જાવેદભાઈ ઈસ્માઈલભાઈ આંબલીયા ઉ.વ.૨૫ પોતાના હવાલવાળી અર્ટિગા કાર રજી. જીજે-૩૬-એજે-૫૦૨૧ લઈને પોતાના મહેમાનને તેડવા વાંકાનેરના પુલ દરવાજા ચોક ખાતે ગયેલ હોય તે દરમિયાન પુલ દરવાજા ચોક પાસે દિલીપભાઈ લચ્છીવાળાની લારી નજીક અર્ટિગા કાર લઈને જાવેદભાઈ ઉભેલ હોય ત્યારે દિલીપભાઈ લચ્છીવાળાએ જાવેદભાઈને કહેલ કે 'તે તારી ફોરવીલ મારી લચ્છીની લારી પાસે કેમ રાખેલ છે' તેમ કહેતા જાવેદભાઈએ કહેલ કે હું મહેમાનને તેડવા આવેલ છું અને તમારા ધંધામા મારી ફોરવીલ કાંઈ અડચણરૂપ નથી તેમ કહેતા તેને દિલીપભાઈને સારું નહિ લાગતા તેણે જાવેદભાઈને ઢીકાપાટુનો શરીરે માર મારી તેમજ લાકડાના ધોકાવતી વાંસામા કમર ઉપર પાછળના ભાગે મુંઢ માર મારવા લાગ્યા તે દરમિયાન દિલીપભાઈના ઓળખીતા ઈકો ગાડીવાળાએ અર્ટીકા કાર પાછળના ભાગના કાચમાં લાકડાનો ધોકો મારી કાચ તોડી નાખી કારમાં નુકશાની કરી તેમજ દિલીપભાઈના ઓળખીતા અન્ય બે અજાણ્યા શખ્સોએ જાવેદભાઈને શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારે સમગ્ર બનાવમાં જાવેદભાઈને શરીરે મૂંઢ ઈજાઓ તેમજ અર્ટિગા કારમાં નુકસાની પહોંચાડતા જાવેદભાઈએ આરોપી દીલીપભાઈ ભરવાડ રહે- વાંકાનેર ભરવાડપરા તથા દીલીપભાઈ ભરવાડનો ઓળખીતો ઈકો ગાડીવાળો તેમજ બે અજાણ્યા શખ્સો સહીત કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગીરાસદાર (ક્ષત્રિય) વકિલ ફાઉન્ડેશન દ્વારા પરષોત્તમ રૂપાલા વિરુધ્ધ કલેકટરને આવેદનપત્ર પાઠવાયું



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પરસોતમભાઈ રૂપાલા સામે આચારસહિતા નો ભંગ તેમજ ક્ષત્રિય સમાજ ની લાગણી દુભાય તેવી અભદ્ર ભાષા નો ઉપયોગ કરી ક્ષત્રિય સમાજ ના લોકો ને સતા નો દુરુ ઉપયોગ કરી ખોટા ગુનામાં ફિટ કરવા ના પ્રયત્ન સામે યોગ્ય કરવા કલેક્ટર ને ગિસસદાર (ક્ષત્રિય ) વકિલ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા આવેદન પત્ર પાઠવી ફરિયાદ કરવા માં આવી છે કે હાલના રાજકોટ જિલ્લા ક્ષેત્રનાં સાંસદ ના ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલા એ જે કાર્યક્રમમાં જે રાજા રજવાડાઓ વિશે અભદ્ર ટિપ્પણી કહી અને રાજા રજવાડા તેમજ ગીરસદાર ક્ષત્રિયો ના સ્વમાનને ઠેસ પહોચાડવાની તેની લાગણી દુભાય તેવા શબ્દોનો પ્રયોગ કરી સમાજની લાગણી દુભાવેલ હોય જેથી તેઓએ ચૂટણી પંચના નિયમોનો ભંગ કરેલ હોય આંચાર સહિતાનો ભંગ કરેલ હોય તેમજ હાલમાં ક્ષત્રિય સમાજ શાંતિ પૂર્વક લોકશાહીની ઢબે પોતાની લાગણી વ્યક્ત કરી યોગ્ય રજૂઆત કરી રહેલ હોય તેમ છતાં રાજકીય વગ નો દૂર ઉપયોગ કરી પોલિસ દ્વારા સમાજના મહિલાઓ તેમજ પુરુષો ઉપર ગેરકાયદેસર દબાણ લાવવામાં આવી રહેલ હોય અને ખોટી રીતે કલમો લગાડી ફરિયાદો કરી લોકશાહી નું હનન કરવામાં આવી રહેલ હોય તેમજ ક્ષત્રિય સમાજને ઉશ્કેરવાની કોશીશ કરી હુલ્લડ જેવો માહોલ ઊભો કરવાની કોશીશ કરી કાવતરું ઘડી રહેલ હોય અને તેમના ઈશારે પોલિસ કામ કરી રહેલ હોય તેવું જણાઈ રહેલ છે જે ધ્યાને લઈ યોગ્ય ન્યાય આપવા આવેદન પત્ર પાઠવવા માં આવ્યુ છે.

# સરગમ કલબ તેમજ મા કૃપા ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગો માટે જયપુર ફૂટ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને લંડન મા કૃપા ફાઉન્ડેશન જયંતિભાઈ ખંગ્રામ ના સયુંકત ઉપક્રમે તા.૧/૦૪/૨૦૨૪ થી ૩/૦૪/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૯૧ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૩૪ લેગ (પગ) નાં દદી ૪૧ અને રીપેરીંગ ૧૬ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.



સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને શ્રી જયંતિભાઈ ખંગ્રામ એ જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

આ કેમ્પમાં અમોને મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીભાઈ શાહ. અશોકભાઈ ડાલિયા, રમેશભાઈ પોપટ, બ્રિજેશભાઈ મોદી નો સહયોગ મળેલ છે. દર વર્ષે ૧ એપ્રિલ ના રોજ લંડન નિવાસી જયંતીભાઈ ખંગ્રામ દ્વારા જયપુર ફૂટ કેમ્પ યોજાશે. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ મનુભાઈ માંડલિયા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મિરાણી, અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા, તેમજ મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, આશાબેન ભૂછ્ડા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, હર્ષાબેન કથ્રેચા, મિતલબેન ચગ, દિવ્યાબેન ઉમરાણીયા, નિશબેન વડગામા, જાગૃતિબેન આસોડિયા વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ. આગામી કેમ્પ તા.૧/૦૫/૨૦૨૪ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

# મહારાષ્ટ્ર ભાજપ દ્વારા ઈલેક્શન સ્ટ્રેટેજી પ્લાનિંગ કમિટીમાં રાજકોટના ડો. હિરેન ઘેલાણીની પસંદગી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાર્યકર્તા આધારિત ભારતીય જનતા પાર્ટી પ્રત્યેક ચૂંટણીમાં વોર્ડ થી લઈ બુથ સુધી સજ્જડ માઈક્રો પ્લાનીંગ સાથે આગળ વધે છે.ત્યારે સમગ્ર દેશમાં લોકશાહીના મહાપર્વ સમાન લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રચાર-પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવા માટે



કાર્યકર્તાઓને વિવિધ જવાબદારીઓની સોંપણી કરવામાં આવી રહી છે અને પ્રચાર માટેનો એજન્ડા તૈયાર બનાવવા દેશભરમાં ભારતીય જનતા પાર્ટીના કર્મનિષ્ઠા કાર્યકર્તાઓની સેવા લેવામાં આવે છે. ત્યારે મહારાષ્ટ્રની ૪૮ લોકસભા સીટ માટે ઈલેક્શન સ્ટ્રેટેજી પ્લાનીંગ માટેની પ્રદેશ કમિટીમાં રાજકોટના ડો. હિરેન ઘેલાણીને એક મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

# લોધિકાના ચીભડા ગામે પ્રેમ પ્રકરણ બાબતે બે જૂથ વચ્ચે ધીંગાણુઃ ૧૨ને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધિકાના ચિભડા ગામે પ્રેમ પ્રકરણમાં બે જુથમાં લાકડી, ધોકા, પાઈપ, બેટ અને પથ્થરમારા સાથે મારામારી થતા એક ડઝન લોકોને નાની-મોટી ઈજા થઈ હતી. આ બનાવમાં બન્ને જૂથે સામસામી ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ચિભડા ગામે રહેતા અને મંડપ ડેકોરેશનનું કામ કરતા વિશાલ મનસુખભાઈ વાઘેલાએ ફરિયાદ નોંધાવી છે કે, સોમવારના રાત્રીના ૧૦ વાગ્યા આસપાસ કાકાની પાનની દુકાને મારા ભાઈ જયદીપ અને પત્ની સાથે બેઠા હતા ત્યારે આરોપી રાજેશ દામજી વાઘેલા, પ્રકાશ ચંદુભાઈ નંદાણીયા, અલ્પેશ ચૌહાણ સહિતના ટોળાએ માતા રાધાબેન, પિતા મનસુખભાઈ અને કાકા ભરતભાઈને લાકડી, ધોકાથી મારમાર્યો હતો. આ હુમલામાં ઘરના બાથરૂમના દરવાજાને પણ નુકશાની કરવામાં આવેલ તેમજ માતા-પિતા-કાકા અને મારી પત્નીને ઈજા થઈ હતી. મારા ભાઈ સાગરને ગામની યુવિત સાથે પ્રેમ હોય તેનો ખાર રાખી હુમલો કરવામાં આવ્યો હતો.

સામા પક્ષે ચંદુભાઈ નંદાસીયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, કૌટુંબિક દીકરી સાથે સાગરને પ્રેમ સંબંધ હોવાનો ખાર રાખી આરોપી વિશાલ, ભરત, સંદિપ, જયદિપ, પુજાબેન વિશાલ સહિતનાઓએ એક સંપ કરી લાકડી - બેટ સાથે હુમલો કરી મારમાર્યો હતો. પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ત્યકતા સાથે મૈત્રી કરાર કરી પ્રેમીએ ગર્ભવતી બનાવીઃ પુત્રીનો જન્મ થતા શખ્સ અન્ય સ્ત્રી સાથે રહેવા લાગ્યો

## અલગ અલગ સ્થળે દુષ્કર્મ આચર્યાની તાલુકા પોલીસમાં પ્રેમી વિરૂધ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ રાજકોટની અને હાલ કાલાવડના વડાળા ગામે પોતાના સંતાન સાથે રહેતી ત્યકતા સાથે મૈત્રી કરાર કરી રહેતા કોઠારીયા સોલ્વન્ટના ભરત મૂળજીભાઈ ચંદ્રપાલ સામે અવાર નવાર બળાત્કાર ગુજારી ગર્ભવતી બનાવી તરછોડી દીધાની રાજકોટ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.આ મામલે તાલુકા પોલીસ મથકના પીએસઆઈ નાઈ અને સ્ટાફે વધુ તપાસ શરૂ કરી આરોપીને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું છેલ્લા પાંચેક માસથી મારી દીકરી સાથે એકલી રહુ છુ.આજથી આસરે નવેક વર્ષ પહેલા સાગર બગથરીયા(રહે.રાજકોટ) સાથે મે મંદીરમા લગ્ન કરેલા તેનાથી મારે દોઢેક વર્ષ બાદ આ સાગર સાથે મારે છુટાછેડા થઈ ગયેલા જેથી હું તથા મારો દીકરો અમો બન્ને બાલાજી હોલ પાસે રહેતા હતા.પાંચેક વર્ષ પહેલા મારી બહેનપણી તેના બાળકો સાથે તેના પિતાનુ ઘર છોડીને મારી સાથે રહેવા આવી ગયેલી બાદ હુ તથા સહેલી એમ બન્ને નાના મૌવા સર્કલ પાસે મારા માતાના ઘરે આટો દેવા આવી ત્યારે બહેનપણીનો સગો ભાઈ ભરત મુળજીભાઈ ચંદ્રપાલ(રહે. હરીદ્વાર-૦૧ કોઠારીયા સોલવંટ) તેની બહેનને ઘરે તેડી જવા માટે આવેલ પરંતુ તેણી એ જવાની ના પાડી દીધી હતી.ત્યારે પ્રથમ વખત ભરત ની મુલાકાત થઈ અને બંને વચ્ચે મોબાઈલ નંબરની આપ લે થતા બંને વાત ચીત કરવા લાગ્યા હતા અને પ્રેમસંબંધ થતા અમે બંનેએ મૈત્રી કરાર કરી સાથે રહેવા લાગ્યા હતા.ત્યા પ્રથમ વખત મારી મરજી વિરુધ્ધ ત્રણથી ચાર વાર શારીરીક સંબંધ બાંધ્યો હતો.બાદ હુ મારો દિકરો તથા ભરત આ જગ્યાએથી શેઠનગર ખાતે રહેવા જતા ત્યાં ભરતે મારી સાથે મરજી વિરુધ્ધ શારીરીક સંબંધ બાંધેલ જેથી મને ગર્ભ રહી ગયો હતો અને મારે આઠેક માસનો ગર્ભ હતો.ત્યા સુધી અમો બન્ને મેટોડા ગામે અલગ અલગ જગ્યાએ રહેતા હતા અને બાદમાં ગ્રીનલેન્ડચોકડી પાસે નવાગામ પોલીસ ચોકીની બાજુમા ન્યારા પેટ્રોલપંપ પાસે ભાડાના મકાનમાં રહેવા આવેલ ત્યા મે મારી દીકરીને જન્મ આપ્યો હતો.બાદમાં અમે વડાળા રહેવા જતા રહ્યા હતા.ત્યાર બાદ આ ભરત મને તરછોડીને જતો રહ્યો અને હવે હું મારા સંતાનો સાથે એકલી રહું છું.ભરત હાલ અન્ય અનીસા નામની યુવતી સાથે કોઠારીયા સોલવંટમાં રહેવા જતો રહેલ હોય આ બાબતે જાણ થતાં જ બહેનપણીને સાથે રાખી રાજકોટ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટ જિલ્લામાં મતદાન જાગૃતિ અભિયાન બન્યું શાળાકીય પ્રવૃત્તિઓનો હિસ્સો

## શાળાઓમાં સંકલ્પ પત્રોના વિતરણ અને વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી મતદાન વધારવાના પ્રયાસો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના નેતૃત્વ હેઠળ તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એન.કે.મુછારના દિશાનિર્દેશ અનુસાર ચૂંટણી તંત્ર દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. જેના ભાગરૂપે સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન મુજબ મતદાન જાગૃતિ અભિયાન શાળાકીય પ્રવૃત્તિઓનો પણ હિસ્સો બની રહ્યું છે.

રાજકોટમાં આવેલી માં આનંદમયી કન્યા વિદ્યાલય, કડવીબાઇ વીરાણી કન્યા વિદ્યાલય, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ, કસ્તુરબા વિદ્યાલય, વિદ્યામંદીર શાળા (ગોંડલ) સહિતની શાળાઓમાં મતદાન સંકલ્પ પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રીતે વિદ્યાર્થીઓના માધ્યમથી તેમના પરિવારમાં રહેતા મતદારો સુધી ચૂંટણીલક્ષી વિગતો દર્શાવતા સંકલ્પ પત્રો પહોંચાડીને તેમને મતદાન કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, જી. ટી. શેઠ વિદ્યાલય, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ, સાધુ વાસવાણી શાળા સહિતની શાળાઓમાં નિબંધ, ચિત્ર, વકતૃત્વ જેવી વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી મતદાનના મહત્વ અંગે અવગત કરાવવામાં આવ્યા હતા. તેમજ 'ચુનાવી પાઠશાળા કાર્યક્રમ' અંતર્ગત વિદ્યાર્થીઓએ ચૂંટણી વિષયક નાટ્ય કૃતિ રજૂ કરીને અન્ય વિદ્યાર્થીઓને તેના વાલીઓ મત આપવા માટે જાય તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. આમ, શાળાઓમાં સંકલ્પ પત્રોના વિતરણ અને વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી મતદાન વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# ધોરાજી તાલુકાની LPG ગેસની એજન્સીએ મતદાનની અપીલ માટે કર્યો અનોખો પ્રયાસઃ રીફીલ થતા તમામ સિલિન્ડરમાં મતદાન જાગૃતિનાં સ્ટીકર લગાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો દ્વારા નાગરિકોમાં મતદાન અંગે વધુમાં વધુ જાગૃતિ લાવવા અને મતદાન વધારવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દેશભરના મતદારો મતદાન માટે પોતાની ભાગીદારી નોંધાવે તે માટે ઠેર-ઠેર ''મતદાન જાગૃતિ અભિયાન'' હેઠળ વિવિધ પ્રવૃતિઓ



કરવામાં આવે છે. જે અંતર્ગત ધોરાજી તાલુકાના કડ્ડાગેસની એજન્સી તરફથી એક નવતર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

મતદાન જાગૃતિ અંતર્ગત ધોરાજી તાલુકાના LPGગેસની એજન્સી તરફથી એક નવતર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. રીફીલ થતા તમામ સિલિન્ડરમાં મતદાન જાગૃતિનાં સ્ટીકર લગાવી પ્રચાર કરવામાં આવ્યો હતો. અને આસપાસના લોકોને પણ પરિવાર સાથે મત આપવા જવા માટેની અપીલ કરવામાં આવી હતી.

## લોકશાહીનો અવસર.... મારા ભારતનો અવસર

# રાજકોટના જસદણ વિસ્તારમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા

## મતદાન મથકની જાણકારી માટે ટંકારા ગામમાં ક્યુ.આર.કોડ લગાવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યમાં આગામી તા.૭મી મે-૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે દેશના પર્વમાં પોતાનું યોગદાન આપવા મતદાન કરવું અનિવાર્ય છે. ત્યારે રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સ્વીપ દ્વારા વિવિધ કાર્યક્રમો અને મતદાર જાગૃતિ સંદેશ માટે વિશિષ્ટ નવતર પહેલ હાથ ધરી લોકોને પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.



આજરોજ ૭૧-રાજકોટ ગ્રામ્યના અણિયારા ગામ ખાતે પુરૂષ મતદારો અને સ્ત્રી મતદારોના મતદાનમાં ૧૦ % થી વધારે તફાવત હોય તેવી ગ્રામ પંચાયત કચેરી ખાતે ગ્રામીણ મતદારોને જાગૃત કરવા તેમજ મતદાનમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ઉપરાંત ડી. એસ. વી. કે. હાઈસ્કૂલ જસદણ તથા શ્રી ઓમકાર શૈક્ષણિક સંકુલ જસદણમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત તમામ વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ સમજાવી, મતદાન બુથ ઉપરની વ્યવસ્થા અને કાર્ય પ્રણાલી મુજબ નાટ્ય રૂપાંતરણ દ્વારા મતદાર જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ચૂંટણી પંચ દ્વારા ૬૬-ટંકારા વિધાનસભા મતદાર વિભાગમાં ટંકારા તાલુકામાં આવેલ બુથને મતદારો જાણી શકે તથા સરળતાથી ત્યા પહોંચી શકે તે માટે મતદાન મથકના લોકેશનનાં ક્યુ.આર.કોડ જનરેટ કરવામાં આવેલ છે. જેને સ્કેન કરી બુથનુ સ્થળ જાણી શકાય છે. સ્વીપ અંતર્ગત આ ક્યુ.આર.કોડ ને બી.એલ.ઓ.શ્રી મારફતે મતદાન મથક ઉપર, આંગણવાડી તથા વાજબી ભાવની દુકાન ઉપર લગાવવામા આવી, ગામના સોશિયલ મીડીયા ગ્રુપમાં શેર કરવામાં આવ્યા હતા. આમ જિલ્લામાં વધુને વધુ મતદારો આગામી ચૂંટણીમાં મતદાન કરે તે માટે તમામ માધ્યમો દ્વારા લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે તેમ, અધિક કલેક્ટર તથા સ્વીપના નોડલ શ્રી જિજ્ઞાસાબેન ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# મોરબી જીલ્લા પોલીસની કાર્યવાહીઃદારૂના ગુનામાં સંડોવાયેલ પાંચ બુટલેગરોને પાસા હેઠળ જેલ હવાલે કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસે દારૂના ગુનામાં સંડોવાયેલા આરોપીઓની પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટમાં મોકલતા મેજિસ્ટ્રેટ દ્વારા આગામી લોકસભાની ચૂંટણીને અનુસંધાને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે એક સાથે પાંચ બુટલેગરોના પાસા વોરંટ ઇસ્યુ કરતા મોરબી જીલ્લા પોલીસ ટીમે અલગ અલગ ટીમો બનાવી પાંચેય આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરી અલગ અલગ જીલ્લા જેલ હવાલે કરવામાં આવ્યા છે.



મોરબીના એસપી રાહુલ ત્રિપાઠીની સૂચના મુજબ આગામી સમયમાં લોકસભાની સામાન્ય ચુંટણી યોજાનાર હોય જે ચુંટણી શાંતિપુર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં યોજાય અને આર્દશ આચાર સહિતાનો અમલ થાય. તે હેતુથી મોરબી જીલ્લા એલ.સી.બી.તથા તમામ પોલીસ થાણા અધિકારીઓને પ્રોહિબીશનની ગેરકાયદેસર અસામાજીક પ્રવૃતિ કરતા ઇસમો વિરુધ્ધ અસરકારક અટકાયતી પગલા લેવા સુચના કરતા એસપી રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ જીલ્લાના તમામ પોલીસ મથકના પીઆઇ, પીએસઆઈએ પ્રોહીબીશનના ગુન્હાઓમાં સંડોવાયેલ ઇસમો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલતા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રોહિબીશનના ગુનામાં સંડોવાયેલ પાંચ બુટલેગરો વિરુધ્ધ પાસા વોરંટ ઇસ્યુ કરેલ હતા. મેજિસ્ટ્રેટ દ્વારા ઇસ્યુ કરે પાસા વોરંટની બજવણી અન્વયે આરોપીઓની તાત્કાલિક અટકાયત કરવા મોરબી જીલ્લા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તમામ આરોપીઓને પકડી પાસા હેઠળ ડીટેઇન કરી અલગ-અલગ જીલ્લા જેલ હવાલે કરવામાં આવ્યા છે.

જેમાં આરોપી સિંકદર ઉર્ફે સીકલો કાદરભાઇ મોવર ઉવ-૨૨ રહે.મોરબી વીશીપરા બીલાલી મસ્જીદ પાછળ, મુળ રહે.કાંજરડા તા.માળીયા મી.જી.મોરબીની પાસા તળે અટકાયત કરી પોરબંદર જીલ્લા જેલ હવાલે કરવામાં આવ્યો છે ટીવી ષ રીતે અન્ય આરોપી સાહિલ ઉર્ફે સવો રહેમાનભાઇ ચાનીયા ઉવ-૨૦ રહે.મોરબી કાલીકાપ્લોટને અમદાવાદ જેલમાં, આરોપી હિતેષ ઉર્ફે વિપુલ ઉર્ફે ટકો રાજુભાઇ મુંધવા ઉવ-૨૪ રહે.મોરબી, કુબેર ટોકીઝ પાછળ મફતીયાપરાને લાજપોર સુરત જેલમાં, આરોપી યોગીરાજસિંહ ગીરીરાજસિંહ જાડેજા ઉવ-૨૪ રહે.અગાભી પીપળીયા તા.વાંકાનેર જી.મોરબીને વડોદરા ખાતે જેલ હવાલે તેમજ કિશનભાઇ પ્રવિણભાઇ લવા ઉવ-૨૩ રહે.જેપુર ત્રીમંદિર સામે, બ્રહ્મપુરી મોરબીને વડોદરા જેલ હવાલે કરાયા છે.ઉપરોક્ત સફળ કામગીરીમાં એલસીબી પીઆઈ એમ.પી.પંડ્યા, સીટી એ ડિવિઝન પીઆઈ એચ.એ.જાડેજા, બી ડિવિઝન પીઆઇ કે.એમ.છાસીયા, એલસીબી પીએસઆઇ કે.એચ.ભોચીયા, એસ.આઈ.પટેલ, વાંકાનેટ તાલુકા પીઆઈઆઈ એલ.એ.ભરગા તથા મોરબી જીલ્લા પોલીસ સ્ટાફ જોડાયેલ હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જસદણના કનેસરા ગામે પરિણીતાને ભગાડી જવાનું યુવાનને ભારે પડ્યું

## મહિલાના પતિ સહિત ચાર શખ્સોએ યુવાનનું અપહરણ કરી કર્યો જીવલેણ હુમલો

**મુખ્ય સમાચાર, જસણ**

જસદણના કનેસરા ગામનો યુવક જસદણમાં કડીયાકામ કરતો હતો ત્યારે ઈકકોમાં ઘસી આવેલ ચારેક શખ્સોએ યુવકને ઢોર મારમારી માથું ફોડી નાંખી તેનું ઇકકોમાં અપહરણ કરી બાખલવડ ગામમાં લઈ ગયાં હતાં. બાદમાં જસદણ પોલીસ દોડી આવતાં અપહ્યતને યુવકને મુક્ત કરાવી સારવારમાં ખસેડયો હતો. બનાવ અંગે જસદણ પોલીસે અપહરણ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને સકંજામાં લેવા તજવીજ હાથ ધરી હતી.



બનાવ અંગે જસદણના કનેસરા ગામમાં રહેતાં રૂત્વીક ડાયાભાઇ પરમાર (ઉ.વ.૨૪) એ નોંધાવેલ ફરિયાદમાં તરીકે મહેન્દ્ર ઉર્ફે કાળુ નંદ પરમાર, મુકેશ કાળુ પરમાર, અજય કાળુ પરમાર અને મિલન ભાયા પરમારનું નામ આપતાં જસદણ પોલીસે આરોપી વિરૂદ્ધ અપહરણ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે કડીયાકામની મજુરી કરે છે. તે પરીવારમા ત્રણ ભાઇઓ જેમાં તેનો ભાઈ રવિને બાખલવડ ગામના મહેન્દ્ર પરમારની પત્ની સાથે પ્રેમસંબંધ હોય જેથી તે જતા રહેલ છે. તે ગઈકાલે સવારના આઠેક વાગ્યે ઘરેથી મજુરીએ જસદણ વેકરીયા વાડીમાં મકાનનું પ્લાસ્ટરનું કામ ચાલુ હોય ત્યા કડીયાકામ માટે આવેલ ત્યા તેમની સાથે જસદણમાં બરવાળાના બાબુભાઈ પરમાર સહિતના મજૂરો કામ કરતાં હતાં.

દરમિયાન તેમના ભાઈ રવિને જે બાખલવડની મહિલા સાથે પ્રેમ સંબંધ હોય તેનો પતિ મહેન્દ્ર ઉર્ફે નંદુ પરમાર તેનો ભાઈ અજય કાળા અને તેનો ભત્રીજો મિલન ઘસી આવેલ અને ગાળાગાળી કરી ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને તેમને પકડી ચાલીને કોઠીના નાલા બસ-સ્ટેન્ડ ગણપતિના મંદીર પાસે લાવેલ તત્યાં ઇકો ગાડી ઘસી આવેલ અને તેમાંથી મુકેશ કાળુ પરમાર ગાડીમાંથી લાકડી લઈ આડેધડ લાકડી મારવા લાગેલ જેથી પગમાં અને માથામાંથી લોહી નીકળવા લાગેલ અને ચારેય શખ્સોએ તેમને પકડી ગાડીમાં બેસાડી અપહરણ કરી બાખલવડ ગામે ભાયાભાઈ પરમારને ઘરે લઇ ગયેલ હતાં.ત્યાં ઈકોમાંથી નીચે ઉતારી ઘરમાં ઓસરીમાં બેસાડી રવિ કયાં છે ? તેમ પૂછી ગાળો આપતા હતા ત્યારે પોલીસ આવી જતા તેઓએ ૧૦૮ મારફતે તેમને જસદણ સારવારમાં ખસેડેલ બાદમાં તેને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે જસદણ પોલીસે ગુનો નોંધી પીઆઈ તપન જાની અને ટીમે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# શાપર પોલીસે અપહરણ થયેલી છ બાળા અને ગુમ થયેલા ૫૬ લોકોને શોધી કાઢ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર પોલીસ દ્વારા છેલ્લા સાત માસમાં ગુમ થયેલા ૫૬ લોકો અને અપહરણ થયેલ ૬ બાળાને શોધી કાઢી તેમનું પરિવાર સાથે મિલન કરાવ્યું છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ રેન્જનાં આઈ.જી.અશોકકુમાર યાદવ તથા ડિવીઝનના ડી.વાય.એસ.પી. કે.જી.ઝાલા દ્વારા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સૌહાર્દપુર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી પોલીસ પ્રજાનો મિત્ર છે.એ સુત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સુચના કરવામાં આવી છે.જે અન્વયે શાપર વિસ્તારમાંથી ગુમ થનારને શોધી કાઢવા સર્કલ પીઆઈ એચ.એન. રાઠોડ તથા શાપર પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.કે.ગોહિલ નાઓએ અલગ અલગ છ ટીમો બનાવી અલગ-અલગ દિશાઓમાં ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમન સોર્સના આધારે તપાસ કરાવી માણાવદર, ધોરાજી, શેખપુરા, જૂનાગઢ, રાજકોટ, વિરમગામ, ગાંધીનગર, દ્વારકા, વંથલી, દમણ, બનાસકાંઠા, વગેરે જગ્યાએ ટીમોએ જઈ છેલ્લા સાત માસમાં ૫૬ ગુમ થયેલા અને ૬ અપહરણ થયેલી બળકીઓને શોધી તેના પરીવારજનો સાથે મિલન કરાવ્યું હતું. આ કામગીરી શાપર વેરાવળ પોલીસના પીએસઆઈ આર.કે.ગોહિલ તથા એ.એસ.આઈ.હરદિપસિહ જાડેજા, વિરભદ્રસિંહ વાઘેલા, ક્રિપાલસિંહ રાણા, મહેન્દ્રભાઈ ધાધલ, તુષારસિહ જાડેજા, પ્રહલાદસિંહ રાઠોડ, રાજેશભાઈ વાવડીયા, રવિરાજસિંહ જાડેજા, મયુરસિંહ જાડેજા, ઉપેન્દ્રસિંહ ગોહિલ, ખીમજીભાઈ હુણ, નરેશભાઈ રોજાસરા, પ્રતિપાલસિંહ જેઠવા, તથા સોનલબેન હરખાણી દ્વારા કરવામાં આવી હતી.

# સાપરાધ મનુષ્યવધના ગુનામાં વિવાદીત મહિલા તબીબની જામીન અરજી નામંજુર

## હોમિયોપેથી તબિબ હોવા છતા તેઓ ઓપરેશન કરી ડીલવરી કરાવતી હતાઃ મહિલાના મોત બાદ તબીબની ધરપકડ કરાઈ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં તા.૧૫/૦૩/૨૦૨૪ના રોજ દર્દી પાયલબેનને સાતમા મહિના બાદ પ્રસૂતિની પીડા ઉપડતા ડોકટર હિના પટેલની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સીઝેરીયનથી ડીલેવરી કરાવ્યા બાદ પાયલબેનનું મૃત્યુ નીપજ્યું હતું. આ પરિસ્થિતિથી ગભરાઈને ડો. હિના પટેલે પાયલબેનના પતિ અને પિતા પાસે આવી તેણીને હૃદયની કોઈ જુની બિમારી કે આંચકીની કોઈ તકલીફ હતી કે કેમ? તે અંગેની પુછપરછ કરી પાયલબેનનું મૃત્યુ થયાનું જણાવ્યું હતું. મૃતક પાયલબેનના પતિ અને પિતાએ મોતનું કારણ પુછતા કોઈ જ કારણ જણાવવામાં આવેલ ન હતું. આથી ડો. હિના પટેલ વિરુધ્ધ ઈ.પી. કો.ની કલમ-૩૦૪ હેઠળ સાપરાધ મુષ્યવધની કલમ હેઠળ ફરીયાદ નોંધાતા પોલીસે ડો. હિના પટેલની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવી હતી. જેલ હવાલે રહેલી ડો. હિના પટેલ દ્વારા જામીન મુક્ત થવા કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા ડો. હિના પટેલના બચાવ પક્ષે રજુઆત




કરાવમાં આવેલ હતી કે આરોપી હોમીયોપેથ ડોકટર છે અને તેણીને રા.મ્યુ.કોર્પો. તરફથી કલીનીકનું રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે. જે સમયે મૃતકને સીઝેરીયનથી ડીલીવરી કરાવવાનો નિર્ણય લીધેલ ત્યારે ગાયનેકોલોજીસ્ટ તરીકે ડો. મીરાબેન જેઠવા અને એનેસ્થેટીસ્ટ તરીકે ડો. પ્રણવ શેઠને બોલાવી લેવામાં આવેલ અને ત્યારબાદ ઓપરેશન કરવામાં આવેલ છે. આ રીતે ડો. હિના પટેલે કોઈ સીઝેરીયન કરેલ નથી તેથી તેણીને જામીન મુકક્ત કરવા જોઈએ. જેની સામે સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ એસ.કે.વોરાએ રજુઆત કરતા જણાવેલ હતુ કે ડા. હિના પટેલ પાસે ફક્ત હોમીયોપેથીક કલીનીક ચલાવવાનું જ જ લાયસન્સ છે તેમ છતા તેણી પોતાની આ જગ્યાએ ઓપરેશન થીયેટર પણ ચલાવે છે. આ ઉપરાંત ઓપરેશન પુર્વેના જે કાગળોમાં દર્દી કે તેનાા સગાને જે સહીઓ કરાવવામાં આવે છે તે કાગળ પણ ડો. હિના પટેલની હોસ્પિટલના છે. દર્દીને જે સમયે આવી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ તે સમયમાં તેવી રીતે ચેકચાક કરવામાં આવેલ છે કે સાચો સમય કોઈ વ્યકિત જાણી જ ન શકે. આ મુજબના શંકાશીલ કાગળો તૈયાર કરવાનો ઉદેશ ફકત પોતાના ગુનાને છાવરવાનો જ હોઈ શકે. આ ઉપરાંત જો હિના પટેલે સીઝેરીયન માટે ગાનેકોલોજીસ્ટ અને એનેસ્થેટીસ્ટને ખરેખર બોલાવેલ હોય તો મૃત્યુ કારણ કયા કારણસર થયેલ છે તે હોસ્પિટલના કોઈપણ પેપર્સમાં કયાંય જણાવેલ નથી. આ તમામ ખામીઓ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે હોમીયોપેથીમાં ફક્ત ડીપ્લોમા હોવા છતા ડો. હિના પટેલે જાતે જ મૃતકનું સીઝેરીયન કરેલ છે. સીઝેરીયન બાદ પરિસ્થિતિ બગડતા તેણીને પોતાને કોઈ પ્રકારની સમજ પડેલ નહી તેથી મૃત્યુ થયેલ છે. સાપરાધ મનુષ્યવધનો ગુનો આ રીતે સ્પષ્ટપણે સાબિત થાય છે કારણકે સમગ્ર ઘટનાક્રમ ડો. હિના પટેલની હોસ્પિટલમાં જ બનેલ છે અને આ તમામ સમયે તેણીની હાજરી નિર્વિવાદીત છે.

સરકાર તરફેની રજુઆતોના અંતે અધિક સેશન્સ જજ એચ.એચ. વર્માએ ડીપ્લોમા ઈન હોમીયોપેથી તરીકે પ્રકટીસ કરતા ડો. હિના પટેલની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે.વોરા રોકાયા હતા.

# કાંગશીયાળી ગામે કારખાનેદારનો આર્થિક ભીંસથી કંટાળી આપઘાત

## ભૂણાવા ગામે પ્લાસ્ટિક પાઈપ નું કારખાનું ચલાવતા પટેલ યુવાને ઝેરી દવા પી જીવન ટૂંકાવી નાખતા પરિવારમાં કરૂણ કલ્પાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટની ભાગોળે કાંગસિયાળી ગામની સીમમાં આવેલ કલ્પવન પાસે એટલાન્ટિકા હાઇટ્સ માં રહેતા કારખાને દારે આર્થિક ભિંસ થી કંટાળી જઈ ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લેતા પટેલ પરિવારમાં કરુણકલ્પાત સર્જાયો છે.



અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ રાજકોટ તાલુકાના કાંગસિયાડી ગામે આવેલા એટલાન્ટિકા બિલ્ડિંગમાં રહેતો અને રાજકોટ ગોંડલ હાઇવે પર આવેલા ભૂણાવા ગામે પીવીસી પાઇપ બનાવવાનું કારખાનું ચલાવતા પારસ દિનેશભાઈ પટેલ નમના યુવાને ગતરાત્રિના પોતાના ઘરે ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા વહેલી સવારે તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું બનાવના પગલે સાપર વેરાવળ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી વધુમાં જાણવા મળ્યું હતું કે પારસભાઈ પટેલે હાર્દિક કંટાળી આ પગલું ભર્યું હોય તેના લગ્ન ચાર વર્ષ પહેલા થયા હતા તે બે ભાઈ માં નાનો હતો પટેલ યુવાને આપઘાત કરી લેતા પરિવારમાં ઘેરો શોખ આપી ગયો હતો.

# ગુજરાત સરકારે નામચીન દસ બુટલેગરોને પકડવા ઈનામ જાહેર કર્યા

## સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રાજસ્થાન, હરિયાણા, પંજાબના બુટલેગરોની માહિતી માટે રૂા.૨૦ હજારથી એક લાખ સુધીનું ઈનામ જાહેર કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ગુજરાતમાં વિદેશી દારૂ ઠાલવતા રાજસ્થાન, હરીયાણા અને પંજાબના ૧૦ બુટલેગરની યાદી જાહેર કરી ૨૦ હજારથી લઈને એક લાખના ઇનામ જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાતમાં બહારના રાજયોમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઠલવાઈ રહ્યો છે ત્યારે છેલ્લા ઘણા સમયથી સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઠાલવતા બુટલેગરો, ઠેકેદારો સામે કડક ઝુંબેશ શરૂ કરી બુટલેગરોની કમર તોડી નાખી છે. રાજયમાં છેલ્લા ઘણા સમયથી પંજાબ,



હરીયાણા અને રાજસ્થાનમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઠલવાઈ રહ્યો છે ત્યારે સ્ટેટ મોનીટરીંગ સેલની તપાસમાં ૧૦ જેટલા બુટલેગરોના નામ ખુલ્યા છે. જેના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રાજયના પોલીસ વડાની રાજયમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ મોકલતા બુટલેગરો, ઠેકેદારોની યાદી આપી આ તમામ બુટલેગરોને વોન્ટેડ જાહેર કરવા અને તેમના પર ઇનામ જાહેર કરવા રજુઆત કરી હતી. એચ.એમ.સી.ની યાદીના આધારે રાજયના પોલસી વડાએ પરપ્રાંતીય ૧૦ બુટલેગરોને વોન્ટેડ જાહેર કરી તેમના પર ૨૦ હજારથી લઈને એક લાખ સુધીના ઈનામ જાહેર કરી તમામ બુટલેગરોની યાદી રાજસ્થાન, પંજાબ અને હરીયાણા પોલીસને મોકલી આપી છે. વોન્ટેડ જાહેર થયેલા બુટલેગરોમાં રાજસ્થાન જાલોરના ભીનમાલ ગામના ખેગારરામ ઉર્ફે છોટુ ખીલેરી બળવતારામ બિશ્નોઈ પર ૨૦ હજારનું ઈનામ, રાજસ્થાન શીકરના રૂપનગરના અનિલ ઉર્ફે પાંડયા જગદીશપ્રસાદ જાટ પર એક લાખનું ઇનામ, રાજસ્થાન બાડમેરના પવનસીંગ ભખરસીંગ મહેછા પર ૨૫ હજારનું ઇનામ, રાજસ્થાન ચુરુ જારીયા દુધવા ગામના તૌફીક નજીરખાન પર ૨૫ હજારનું ઇનામ ઉદેપુરના ભરત ઉદાજી ડોંગી પર ૫૦ હજારનું ઇનામ, ઉદેપુરના સુનીલ ઉર્ફે ભંવરલાલ મોતીલાલ દરજી પર ૨૫ હજારનું ઇનામ જાહેર થયું છે. રાજસ્થાન આબુરોડના ઠેકેદાર આશીષ ઉર્ફે આશુ રમેશચંદ્ર અગ્રવાલ પર એક લાખનું ઇનામ રાજસ્થાન પોસલાના પીરારામ મેવારામ દેવાસી પર ૨૫ હજારનું ઇનામ, બનાસકાંઠાના રામનગર ગામના વાસુસિંહ ઉર્ફે ગુલામસિંહ રામસિંહ વાઘેલા પર ૨૫ હજારનું ઈનામ અને રાજસ્થાન જાલોર, ભીનમાલ ગામના કાંતિલાલ ઉર્ફે રોહીત રતિલાલ મારવાડી પર ૨૦ હજારનું ઇનામ જાહેર કરવામાં આવ્યું છે.

# મુંદ્રાના ખેડૂતને શીશામાં ઉતારી રૂા.૨૪.૪૨ લાખની ઠગાઈ કરનાર શખ્સ રાજકોટથી ઝડપાયો

## ઉચુ વળતર આપવાની લાલચ આપી શખ્સ ઓનલાઈન છેતરપીંડી કરતો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કચ્છના મુંદ્રાના બે ખેડૂત સાથે રૂ. ૨૭.૪૨ લાખની છેતરપિંડી કરનાર મૂળ વાંકાનેરના કાપડના વેપારી અમીન દાઉદભાઈ સલોતને રાજકોટ એસઓજીએ સદર બજાર માંથી ઝડપી લઈ સાયબર ક્રાઈમ બોર્ડર રેન્જ ભુજ કચ્છ પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.



મુંદ્રાના ઝરપરા ગામે રહેતાં ખેડૂત રાજદે નાગશીભાઈ ગઢવી અને તેના મિત્ર ધનરાજ વિશ્રામભાઈ સાખરાને ફોરેક્સ વર્લ્ડ (યુકે)માં ઇન્વેસ્ટ કરવાથી ૫૦ હજારથી ૨ લાખની આવક મેળવવાનો મેસેજ કરી બંનેને એપ્લીકેશન ડાઉનલોડ કરાવડાવી ઠગાઈ કરવામાં આવી હતી. એપ્લીકેશન ડાઉનલોડ કરાવનારે આપેલી માહિતી મુજબ પ્રથમ રકમ જમા થઇ ગઇ હતી.

આથી વિશ્વાસ આવતાં અલગ અલગ એકાઉન્ટ નંબરો તથા યુપીઆઇ આઇડીમાં કુલ રૂા. ૨૧,૮૨,૫૬૨ ટ્રાન્સફર કરી દીધા હતાં. મિત્ર ધનરાજ સાખરા સાથે પણ ફોરેક્સ એપ્લીકેશનમાં રોકાણના નામે રૂા.૫,૬૦,૩૧૦ ટ્રાન્સફર થયા બાદ પણ નફાની રકમ ખાતામાં ટ્રાન્સફર ન થતાં અમીન અને અને તેના સાગરીતનો સંપર્ક કરતાં ૧૦ ટકા બ્રોકરેજ, પાંચ ટકા ટેક્ષ ભરવાનું કહેતા તે રકમ પણ ભરપાઈ કર્યા પછી પણ રકમ નહિ આપી છેતરપિંડી કરી હતી. આ અંગે ગત તા ૨૯/૨/૨૪ના રોજ ફરિયાદ નોંધાઈ હતી.જેમાં પોલીસે એક ભેજાબાજને ઝડપી લીધો હતો.

આ ગુનાનો આરોપી કાપડનો વેપારી મુળ મોરબીના વાંકાનેરનો વતની અને યાજ્ઞિક રોડ નિરજ એપાર્ટમેન્ટ બીજા માળે ફલેટ નં. ૨૦૨માં રહેતો અમીન દાઉદભાઈ સલોત રાજકોટ સદર બજાર ખાતે હોવાની પાકી બાતમીને આધારે એસઓજીએ પકડી પાડી સાયબર ક્રાઇમ બોર્ડર રેન્જ ભુજ કચ્છ પોલીસને સોંપવા તજવીજ કરાઈ હતી. ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ બી. બી. બસીયાની સૂચનાને આધારે એસઓજી પીઆઈ જે. એમ. કૈલા અને તેમની ટીમે કામગીરી કરી હતી.

# થાનમાં ધમધમતી જુગાર કલબ પર પોલીસ ત્રાટકીઃ ૧૨ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, ચોટીલા**

સુરેન્દ્રનગર જીલ્લાનાં સીરામીક નગર થાનગઢમાં અનેક બદીઓએ માઝા મુકી છે ત્યારે ચૂટણીનાં ધમધમાટ વચ્ચે ચાલતા જુગારનાં ધમધમતા હાટડા ઉપર પોલીસે દરોડો પાડતા એક ડઝન જુગારીઓ ઝડપાતા ચકચાર જગાવી હતી

થાનગઢ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં રહેલ પોલીસ કર્મી કનુભાઈ ખાચરને નવા વાસમાં એક મકાનમાં જુગાર ધમધમતો હોવાની હકિકત મળતા ડીવાયએસપી વી.એમ.રબારી તથા પીએસઆઈ ઝેડ.એલ.ઓડેદરા તથા થાન ચોટીલાની પોલીસ ટીમ સાથે સંજયભાઈ ગોંવિદભાઈ પરમારના રહેણાંક મકાને છાપો મારતા ધમધમતો

તીન પત્તીનો ચાલતો જુગારનો અખાડો ઝડપાતા ચકચાર મચી ગયેલ



હતી. પોલીસની છાપામારીથી જુગારીઓમાં હડકંપ મચેલ હતો અને જુગાર રમતા ૧૨ શખ્સો ઝડપાઈ જતા તમામ સામે જુગારધારા મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી દરોડા દરમ્યાન રોકડ રકમ રૂ.૨૦,૪૩૦, મોબાઈલ નંગ-૦૬ રૂ.૩૦,૫૦૦ તથા મોટર સાઇકલ નંગ-૧ રૂ.૫૦૦૦૦/- મળી કુલ રૂ.૧,૦૦,૯૩૦ નો મુદ્દામાલ જપ્ત કરેલ છે. જૂગાર રમતા સંજયભાઈ ગોંવિદભાઈ પરમાર, પ્રવિણભાઈ નાગરભાઈ મકવાણા,અજીતભાઈ કરશનભાઈ ગોહિલ, દલપતભાઇ પ્રેમજીભાઈ સોંલકી,ચંદુભાઈ મગનભાઈ ગેલાભાઈ ચૌહાણ,બાબુભાઈ પરમાર, નરેશભાઇ આલાભાઈ વાળા ,બાબુભાઇ ગેલાભાઇ મકવાણા,છનાભાઈ પાલાભાઈ રાઠોડ, પ્રવિણભાઈ સવજીભાઈ મકવાણા,કિશોરભાઈ દાદુભાઈ પરમાર, અરવિંદભાઈ દિનેશભાઈ ખીમસુરીયા ઝડપાઈ ગયા હતા.

# ચોટીલાના નાની મોલડી ગામે દર્દીઓના આરોગ્ય સાથે ચેડા કરતો નકલી તબીબ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના નાની મોલડી વિસ્તારમાં ગુંદા ગામમા બોગસ ડોક્ટર બની કલીનીક ચલાવતા શખ્સને સુરેન્દ્રનગર ઝડપી લઈ તેના વિરુદ્ધ કાર્યવાહી કરી છે.



સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા ડો ગીરીશ પંડ્યા દ્વારા જિલ્લામાં બોગસ ડોકટર પકડી પાડવા અને અસરકારક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અન્વયે એસ. ઓ.જી.ના પી.આઈ એચ.જે.ભટ્ટના માર્ગદર્શન પી.એસ.આઈ વી.ઓ.વાળા અને ટીમે બાતમી ના આધારે નાની મોલડી વિસ્તારમાં ગુંદા ગામમા ગેરકાયદેસર રીતે કલીનીક ખોલી માં પ્રેકટીસ કરતા અને લોકોના આરોગ્ય સાથે છેડા કરતાં બોગસ ડોકટર રાજભાઈ દુલાલ ગોલડર (ઉ.વ.૪૩)ને ઝડપી લીધો હતો. પકડાયેલ સેક્સ જે નકલી ડોકટર બનીને લોકોની સારવાર કરતો હતો તે મુળ પશ્ચિમ બંગાળ રાજ્યના મધ્યપરા મોંડલપરા ગૈઘાટા નોર્થનો રહેવાસી હોવાનુ ખુલ્યું હતું તેની પાસે કોઈ ડીગ્રી ન હોવા છતાં અને પોતે ડોકટર ના હોવા છતા છેલ્લા ૮ વર્ષથી લોકોની સારવાર કરતો હતો. દરોડા દરમ્યાન એલોપેથી દવાઓ સહિત રૂ. ૨૩,૯૪૩નો મુદામાલ કબજે કર્યો હતો. સુરેન્દ્રનગર એસોજીના પીઆઈ એચ.જે.ભટ્ટ સાથે પીએસઆઈ વી.ઓ.વાળા તેમજ હેડ કોન્સ્ટેબલ અનિરુદ્ધસિંહ મહિપતસિંહ ઝાલા, પોલીસ કોન્સ્ટેબલ મુન્નાભાઈ રાઠોડ, રવિભાઈ ખાચર, નીતિનભાઈ ગોહિલ સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

# સુરક્ષા સેતુ સોસાયટી તથા ભક્તિનગર પોલીસ દ્વારા ઈન્ટ્રામોરલ ચેસ ચેમ્પીયનશીપનુ આયોજન કરવામા આવ્યુ









**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા.૦૨/૦૪/૨૪ ના રોજ રાજકોટ શહેર ભકતીનગર પોલીસ સ્ટેશન ખાતે રાજકોટ શહેર ના પોલીસ કમીશ્નર રાજુ ભાર્ગવ સા.,અધીક પોલીસ કમીશ્નર વિધી ચૌધરી સા..ઝોન-૧ વિભાગના નાયબ પોલીસ કમીશ્નર સજજનસિંહ પરમાર સા.,તથા મદદનીશ પોલીસ કમીશ્નર બી.વી.જાધવ સા.ની ખાસ ઉપસ્થીતીમા ભકતીનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.એમ.સરવૈયા સા. તથા પોલીસ ઇન્સ્પેકટર એસ.ડી.ગીલવા સા.દ્વારા સુરક્ષાસેતુ સોસાયટી અંતર્ગત પ્રજા અને પોલીસ વચ્ચે નુ અંતર ઘટે અને સૌહાર્દ સધાય તે હેતુ થી એક ઇન્ટ્રામોરલ ચેસ ચેમ્પીયનશીપ નુ આયોજન કરવામા આવેલ જે અન્વયે એચ.એન.શુકલા સ્પોર્ટસ કોલેજના બી.પી.ઇ.એસ. થર્ડ યર ના કુલ-૧૧ વિધાર્થી/વીધાર્થીનીઓ તથા ભકતીનગર પોલીસ સ્ટેશના કુલ-૧૧ અધીકારી/કર્મચારીઓ વચ્ચે ચેસ ચેમ્પયનશીપ યોજાયેલ ખુબજ સૌહાર્દપુર્ણ વાતાવરણ મા યોજાયેલ આ ચેમ્પીયનશીપ ના અંતે પ્રથમ,દ્રીતીય અને તૃતીય ક્રમાંક મેળવેલ વિજેતાઓને ટ્રોફિ,મેડલ તથા સર્ટીફિકેટ આપી સન્માનીત કરવામા આવેલ તથા ઉપરોક્ત પ્રતીયોગીતામા ઉત્સાહપુર્વક ભાગ લેનાર તમામ કર્મચારીઓને પણ મેડલ તથા સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરવામા આવેલ જેમા પ્રથમ ક્રમાંક પાર્થ નીલેશભાઇ ગોંડલીયા, દ્રીતીય ક્રમાંક શૈલેશ વેલાભાઇ બોસરીયા તથા તૃતીય ક્રમાંક અદિતીબેન નંદા એ મેળવેલ હતા જે તમામ વિજેતાઓને હે.પોલીસ કમીશ્નર રાજુ ભાર્ગવ સા.,અધીક પોલીસ કમીશ્નર વિધી ચૌધરી સા. તથા ઝોન-૧ વિભાગના નાયબ પોલીસ કમીશ્નર સજજનસિંહ પરમાર સા ના વરદ હસ્તે ઇનામ વીતરણ કરી સન્માનીત કરવામા આવેલ આ તકે સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના સીનીયર ગજાઈજહેડ કોચ ચીંતનકુમાર કિશોરભાઇ રાવલ(ગુરૂ) એ કો.ઓર્ડીનેટર તથા જજ તરીકેની ભુમીકા ભજવેલ હોય તેઓને પણ મ્હે.પોલીસ કમીશ્નર સા.શ્રી દ્વારા સન્માનીત કરવામા આવેલ તથા તમામ ભાગલેનાર સ્પર્ધકોને ખેલદિલીની ભાવનાથી રમવા અને ભવીષ્યમા પણ રમતગમત ક્ષેત્રે ખુબ પ્રગતિ કરતા રહેવા માટે શુભેચ્છા પાઠવેલ ઉપરોકત ચેમ્પીયનશીપની પુર્ણાહુતીના અંતે તમામ સ્પર્ધકો તથા પોલીસ સ્ટેશના તમામ સ્ટાફ માટે અલ્પાહારનુ આયોજન કરવામા આવ્યું હતું.